**આજનો સુવિચાર**

જો તમારે સફળતા જોઈતી હોય તો તમારી જાતને નિયંત્રણમાં રાખો બીજાને નહીં!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૮૫ જૂનાગઢ તા.૧૮-૦૭-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 185, Junagadh : Date : 17 July, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## સમગ્ર રાજ્યમાં ચાંદીપુરા વાયરસે હાહાકાર મચાવ્યો : મૃત્યુઆંક ૧૯ - કેસની સંખ્યા ૩૧





અમદાવાદ તા.૧૮ રાજયભરમાં ચાંદીપુરા વાઈરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસેને દિવસે ભારે ઉછાળો આવી રહ્યો છે. આજે રાજકોટમાં ૩ અને પંચમહાલ જિલ્લામાં ૧ બાળકનું મોત થતા રાજયભરમાં ચાંદીપુરા વાઈરસના કુલ કેસની સંખ્યા વધીને ૩૧ થઈ છે. જ્યારે મૃત્યુઆંક વધીને ૧૯ થયો છે. અત્યાર સુધી આ વાઈરસની અસર ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી હતી પણ હવે અમદાવાદ જેવા મોટા શહેરોમાં પણ આ વાયરસનો ચેપ જોવા મળી રહ્યા છે.

રાજકોટમાં જ પાંચ શંકાસ્પદ દર્દીના મોત થઈ ગયા છે. જેમાં મોરબીના રાશિ પ્રદીપ સાહરીયાને ૧૨ જુલાઈએ રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. જેનું ૧૪ જુલાઈએ મોત થઈ ગયું છે. પડધરીના હડમતીયાનો બે વર્ષીય પ્રદીપ ગોવિંદભાઈ રાઠોડને ૯ જુલાઈએ દાખલ કરવામાં આવ્યો હતો અને તેનું ૧૫ જુલાઈએ મોત થઈ ગયું છે. જેતપુરના પેઢીયા ગામનો ૮ વર્ષના કાળુ ચંપુલાલને ૧૫ જુલાઈએ દાખલ કરવામાં આવ્યો અને તેનું તેજ દિવસે મોત થઈ ગયું હતું. તેમજ મધ્યપ્રદેશના ૧૩ વર્ષીય સુજાકુમાર ધનકને ૧૬ જુલાઈ દાખલ કરવામાં આવ્યો અને તેનું એ જ દિવસે મોત થઈ ગયું હતું. જ્યારે ૩ વર્ષીય રિતિક રાજારામ મુખીયા ૧૪-૭-૨૦૨૪ના રોજ દાખલ થયો હતો અને ૧૭ જુલાઈના રોજ તેનું મોત થઈ ગયું હતું.

તેમજ ગત ૬ જુલાઈના રોજ પંચમહાલના ઘોઘંબાના લાલપુરી ગામે ૪ વર્ષીય બાળકી મોતને ભેટી હતી. આ બાળકીનું ચાંદીપુરા વાઈરસને લઈને મોત થયું હતું. ત્યારે આજે જિલ્લા આરોગ્યની ટીમ તેમજ ડીડીઓ સહિતના આરોગ્યના કર્મચારીઓ કોટડા ગામે આવી પહોંચ્યા હતા. જે વાઈરસના કારણે બાળકીનું મોત થયું હતું તે મકાનમાં જરૂરી દવાનો છંટકાવ કર્યો હતો. ત્યારબાદ પંચમહાલ જિલ્લાના ડીડીઓ દ્વારા તમામ ઘરની મુલાકાત લઈ લીધી હતી.

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસને લઈને એક બાદ એક બાળકોના મોતને ભેટી રહ્યાં છે. ચાંદીપુરામાંથી અત્યાર સુધીમાં ૩૧ શંકાસ્પદ કેસ નોંધાયા છે. ૩૧ શંકાસ્પદ કેસમાંથી ૧૯ બાળકોના મોત થયા છે. સૌથી વધુ સાબરકાંઠા અને અરવલ્લીમાં ૪-૪ કેસ નોંધાયા છે. ૩૧ કેસમાંથી ૩૧ ગુજરાતના છે જ્યારે ૩ કેસ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવ્યા છે.

મહત્વનું છે કે, ચાંદીપુરા વાયરસ મોટાભાગે ૧૪ વર્ષથી ઓછી વયના બાળકોમાં જોવા મળે છે. આ વાયરસ ખૂબ જ જીવલેણ છે. તેમજ આ વાયરસથી સંક્રમિત થયેલ વ્યક્તિને તાત્કાલિક સારવાર મળવી જરૂરી છે. આ વાયરસનો સામનો કરવા માટે હજુ સુધી કોઈ રસી બનાવવામાં આવી નથી. સારવારના અભાવે આ રોગ ખૂબ જ ગંભીર માનવામાં આવે છે. જોકે, આ વાયરસ ચેપી નથી. માખી-મચ્છરના કારણે ચાંદીપુરા વાયરસનો થવાની શક્યતા રહે છે.

## NEET મામલે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી ચાલુ : પટના એઈમ્સ ના ચાર ડોકટરોની સીબીઆઈએ ધરપકડ કરી

નવી દિલ્હી તા.૧૮ NEETમાં અનિયમિતતાઓને લગતી ૩૮ અરજીઓ પર આજે સુપ્રિમ કોર્ટમાં ચીફ જસ્ટીસની બેન્ચ સમક્ષ ત્રીજી સુનાવણી ચાલી રહી છે. ચીફ જસ્ટીસ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ડિવિઝન બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ કેસમાં આવતીકાલે સુનાવણીની માંગ કરી હતી. તેના પર ચીફ જસ્ટીસએ કહ્યું- NEET પર ચર્ચા જરૂરી છે. આ મુદ્દો આજે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે. આ અંગે આજે સુનાવણી થશે.

ચીફ જસ્ટીસે કહ્યું- કેસની ફરીથી તપાસ કરવાની જરૂર નથી. તેણે NTA ને પૂછ્યું- પિટિશન કરનારાઓમાં કેટલા વિદ્યાર્થીઓ છે અને તેઓએ કેટલા ન્યૂનતમ માર્કસ મેળવ્યા છે.

મેડીકલના અભ્યાસમાં પ્રવેશ માટે લેવાતી 'નીટ' પરીક્ષામાં ગોટાળાના કાનૂની વિવાદ વચ્ચે આ કેસમાં નવો ચોંકાવનારો ખુલાસો થયો છે. પેપર લીક કેસમાં સંડોવણી બદલ પટણા એઈમ્સના ચાર તબીબોની સીબીઆઈએ ધરપકડ કરતા ખળભળાટ મચ્યો છે.

સીબીઆઈના સૂત્રોએ કહ્યું કે, નીટ પેપર લીક કેસમાં પટના એઈમ્સના ચાર તબીબોની પુછપરછ માટે અટક કરવામાં આવી છે તે પૈકી ત્રણ ડોકટરોના રૂમ સીલ કરી દેવામાં આવ્યા છે અને તેમના લેપટોપ અને મોબાઈલ જપ્ત કરી લેવામાં આવ્યા છે.

સીબીઆઈએ પકડેલા ચારમાંથી ત્રણ તબીબો ૨૦૨૧ની બેચના છે જયારે ચોથા ૨૦૨૨ની બેચના છે. ચારેય પટણા એઈમ્સમાં અભ્યાસ કરી રહ્યા છે. નીટ કેસની તપાસ માટે પટણા એઈમ્સ પહોંચેલી સીબીઆઈની ટીમે હોસ્ટેલના રૂમની તલાશી લીધી હતી અને બાદમાં ધરપકડ કરવામાં આવી હતી.

## બાઈડન કોરોના પોઝીટીવ : રાષ્ટ્રપતિની રેસમાંથી લગભગ બહાર

ન્યુયોર્ક તા.૧૮ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન કોરોના પોઝિટિવ છે. વ્હાઈટ હાઉસે ગુરુવારે કહ્યું કે, તે આઈસોલેશનમાં રહીને કામ કરશે. એક દિવસ પહેલા જ બાઈડને કહ્યું હતું કે, જો ડોક્ટર્સ તેમને અનફિટ જાહેર કરશે તો તે રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી બહાર થઈ જશે. તેમણે અમેરિકન ન્યૂઝ ચેનલ BETને આપેલા રેકોર્ડેડ ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. આ ઈન્ટરવ્યૂ એક દિવસ પહેલા (૧૭ જુલાઈ) ટેલિકાસ્ટ કરવામાં આવ્યો હતો. બાઈડને પહેલીવાર જાહેરમાં આવું કહ્યું છે.

એટલે કહી શકાય કે, જો આવું થશે તો કમલા હેરિસ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની શકે અને ટ્રમ્પને પણ ફાયદો થઈ શકે છે. અમેરિકન મીડિયા CNN દ્વારા કરવામાં આવેલા પોલમાં બાઈડનની હારનો દાવો કરવામાં આવ્યો છે. મતદાન સૂચવે છે કે, કુલ ૫૮૮ બેઠકોમાંથી ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને ૩૩૦ બેઠકો મળી શકે છે.

જ્યારે બાઈડનને તેમની ખરાબ તબિયત અને ડેમોક્રેટિક પ્રેસિડેન્શિયલ નોમિનેશન માટે ચાલી રહેલા ટગ ઓફ વોર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, જો ડોક્ટરો મને અયોગ્ય અથવા કોઈ રોગથી પીડિત માને છે, તો તે એક સમસ્યા છે.

## જમ્મુ-કાશ્મીરના ડોડામાં ચોથા દિવસે પણ આતંકવાદીઓ સાથેની અથડામણ ચાલુ

શ્રીનગર,તા.૧૮ જમ્મુ-કાશ્મીરના ડોડામાં સતત ચોથા દિવસે પણ સુરક્ષા દળોની આતંકીઓ વચ્ચે આજેપણ અથડામણ ચાલુ છે. આજે વહેલી સવારે આતંકીઓ સાથેની અથડામણ દરમિયાન બે જવાનો ઘાયલ થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, અથડામણ કાસ્તીગઢ વિસ્તારના જદન બાટા ગામમાં મોડીરાત્રે બે વાગ્યે થઈ હતી. તલાશી અભિયાન દરમિયાન આતંકવાદીઓએ એક સરકારી સ્કુલમાં સ્થાપિત અસ્થાયી સુરક્ષા શિબિર પર ફાયરીંગ કરી હુમલો કર્યો હતો.

સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી હતી અને બન્ને પક્ષો વચ્ચે એક કલાકથી વધુ સમય ફાયરીંગ ચાલુ હતું.

## રાજય મંત્રીમંડળમાં ચાલુમાસના અંત સુધીમાં મોટા ફેરફાર કરાશે : નવા ચહેરાને સ્થાન સાથે કેટલાકને પડતા મુકાશે

ગાંધીનગર તા.૧૮ ગુજરાતમાં આ મહિનાના અંત સુધીમાં મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શકયતા છે. જો કે ગુજરાતનામંત્રીઓને એ સંકેત આપવામાં આવ્યો છે કે તે કોઈ પણ નીતિ સંબંધીત નિર્ણય લેશે નહીં. મંત્રીમંડળમાં પણ ખળભળાટ મચ્યો છે. નવા મંત્રીમંડળમાં અનેક લોકોના પત્તા કપાશે. મોટા ફેરબદલ થવાનાએંધાણ દેખાય રહ્યા છે. બીજી બાજુ આઠ થી દસ નવા ધારાસભ્યોને મંત્રી મંડળમાં સ્થાન મળશે એ નક્કી છે. હાલના સમયમાં ગુજરાતમાં મુખ્યમંત્રી ઉપરાંત ૧૬ મંત્રી છે. જેમાં આઠ કેબિનેટ અને આઠ રાજયસ્તરીય મંત્રી છે. આગામી સમયમાં મંત્રીમંડળના ૨૫ સભ્યો હોવાની સંભાવના વ્યકતકરવામાં આવી રહી છે.

ખાસ કરીને કોંગ્રેસ છોડીને બીજેપીમાં સામેલ થયા અને પોરબંદરમાં પેટાચૂંટણીમાં પસંદ પામેલા અર્જુન મોઢવાડીયાઅને વિજાપુરથીપસંદ પામેલા સી.જે. ચાવડા, ખંભાતથીધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ચિરાગ પટેલ અને વાઘોડિયાથી ધારાસભ્ય બનેલા ધર્મેન્દ્રસિંહ જાડેજાને મંત્રીમંડળમાં સ્થાન મળશે. બીજી બાજુ એવા અનેક મંત્રી છે. જેનાપરફોર્મન્સ નબળા છે તેમની મંત્રીમંડળમાંથી છુટ્ટી કરાશે.




# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરાની શ્રમિક બસેરા યોજનાની ૧૭ સાઈટોનું ખાતમૂહુર્ત

**શ્રમિક બસેરા યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને વ્યક્તિદીઠ પાંચ રૂપિયાના ટોકનદરે ભાડાના હંગામી આવાસ : મુખ્યમંત્રીના હસ્તે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનું લોન્ચિંગ**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજના અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરાની કુલ સતર સાઈટોનું પ્રતિકાત્મક ખાતમૂહુર્ત કરવામાં આવશે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આજે તા.૧૮ જુલાઈના રોજ જગતપુર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજનાની કુલ સતર સાઈટોનું પ્રતિકાત્મક ખાતમૂહુર્ત કરવામાં આવનાર છે.

આ ખાતમૂહુર્તના પ્રસંગે મુખ્યમંત્રી પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, અમદાવાદ ખાતે બાંધકામ શ્રમિકોને સંબોધન કરશે. ગુજરાત સરકારના મંત્રી, (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગ, નાગરિક ઉડ્ડયન વિભાગ તેમજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) બલવંત સિંહ રાજપૂત, અધિક મુખ્ય સચિવ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ડો. અંજુ શર્મા, શ્રમ આયુક્ત, અનુપમ આનંદ, નિયામક, રોજગાર અને તાલીમ પણ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેશે. શ્રમિક બસેરા યોજના હેઠળ શ્રમિકોને કામકાજના નજીકના સ્થળે ઉત્કૃષ્ટ અને પરવડે તેવા પાયાની મૂળભૂત સુવિધાઓ સાથેના પ્રીફેબ્રિકેટેડ આવાસો મહિને ફક્ત પાંચ રૂપિયાના ટોકન દરે પ્રતિદિન પ્રતિશ્રમિક આપવામાં આવશે. આ સમગ્ર યોજનાના પારદર્શી વહીવટ માટે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનુ પણ સાથેસાથે લોન્ચિંગ કરવામાં આવનાર છે.

આ પોર્ટલના માધ્યમથી કેંદ્રીયકૃત રીતે શ્રમિકોને આવાસની જગ્યાની ફાળવણી કરવામાં આવશે. શ્રમિક બસેરા યોજના હેઠળ બાંધકામ શ્રમયોગીઓની જીવનસ્તરમાં વધારો થાય તે હેતુથી શહેરી સતામંડળ તેમજ ગિફ્ટસિટી દ્વારા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને ઉપલબ્ધ કરાવેલ જમીનો ઉપર હંગામી આવાસોનું બાંધકામ કરી શ્રમિકોના પરિવારોને રાહત દરે સ્વચ્છ પીવાનું પાણી, રસોડુ, વીજળી, પંખા, સ્ટ્રીટ લાઈટ, મેડિકલ ફેસીલિટી, ઘોડિયાઘર અને શૌચાલય સહિતની સુવિધા પૂરી આપવામાં આવશે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક બસેરા યોજના હેઠળ અમદાવાદમાં ૭, ગાંધીનગરમાં ૧ રાજકોટમાં ૬ અને વડોદરામાં ૩ એમ કુલ-૧૭ સાઈટોનું ખાતમુહૂર્ત થનાર છે. આ સાઈટોના માધ્યમથી અંદાજે કુલ ૧૫૦૦૦ બાંધકામ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા હાલ બાંધકામ શ્રમિકો માટે વિવિધ સહાય યોજનાઓ જેવીકે સંપૂર્ણ તબીબી તપાસ યોજના, મેડિકલ હેલ્થ યુનિટ યોજના, પ્રસૂતિ સહાય યોજના, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના, શિક્ષણ સહાય યોજના, પી.એચ.ડી. સહાય યોજના, આકસ્મિક મૃત્યુ સહાય યોજના, અંત્યેષ્ઠી સહાય યોજના, શ્રમયોગી નિવાસી શિક્ષણ યોજના, શ્રમિક ગો-ગ્રીન યોજના, નાનાજી દેશમુખ આવાસ યોજના, હાઉસિંગ સબસિડી યોજના, કુશળ શ્રમિક સહાય યોજના, પી.એમ.જન આરોગ્ય યોજના અને પી.એમ. જીવન જ્યોતિ વીમા યોજના જેવી અન્ય યોજનાઓ ચલાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧,૧૦,૩૦૬ લાભાર્થીઓને રૂા.૧૭૯.૪૨ કરોડની સહાયનો લાભ આપવામાં આવેલ છે.

### રાજકોટ યુનિકેર હોસ્પિટલની બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

## જૂનાગઢની યુવતીનું ડોક્ટરે ડાબા પગના બદલે જમણા પગનું ઓપરેશન કર્યું

**આ ઘટના અંગે યુવતીએ યુનિકેર હોસ્પિટલ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે**

રાજકોટ, તા.૧૮

રાજકોટની યુનિકેર હોસ્પિટલની બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જૂનાગઢની યુવતીનો આરોપ છે કે ડાબા પગને બદલે જમણા પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઘોર બેદરકારીની આ ઘટના અંગે યુવતીએ યુનિકેર હોસ્પિટલ વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. નોંધનીય છે કે જૂનાગઢની આ યુવતીને પગમાં દુખાવાને કારણે જૂનાગઢના ડોકટરને બતાવવામાં આવ્યું હતું, ત્યારબાદ ઓપરેશનની સલાહ આપવામાં આવી હતી, ત્યારબાદ ૧૯ એપ્રિલે આ યુવતી ઓપરેશન માટે આવી હતી અને યુવતીના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

આ યુવતીને ડાબા પગમાં તકલીફ હતી અને ઓપરેશન માટે તે દાખલ થઈ હતી પરંતુ રાજકોટનાં યુનિકેરના તબીબની બેદરકારી તો જુઓ તેમણે ડાબાના બદલે યુવતીનું જમણા પગનું ઓપરેશન કર્યોનો દર્દીએ આરોપ લગાવ્યો છે.

આ સમગ્ર મામલામાં હોસ્પિટલના મેનેજરે પોતાના બચાવમાં કહ્યું છે કે, યુવતીની ફરિયાદ તદન ખોટી છે. તેણે ઓપરેશન પહેલા દર્દી અને પરિવારજનોને સમજાવ્યા હતાં. જમણા પગની સર્જરીની પણ માહિતી આપવામાં આવી હતી. ટૂંકમાં, બંને પગની સર્જરીની પહેલેથી જ જાણ હતી. હોસ્પિટલનો દાવો છે કે પરવાનગી લીધા બાદ જ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

## રવિવારે ભવનાથના કાશ્મીરી બાપુ આશ્રમમાં ગુરૂપૂર્ણિમા ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના ભવનાથ આવેલા આમકુ દાતારેશ્વર મહાદેવ(કાશ્મીરી બાપુ આશ્રમ)માં રવિવારે ગુરૂપૂર્ણિમાં પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આમાં સવારે ગુરૂ સમાધી પૂજન, બપોરે ભોજન અને રાત્રિના સંતવાણીના કાર્યક્રમો યોજાશે. આ અંગે ભવનાથ સ્થિત આમકુ ખાતે દાતારેશ્વર મહાદેવ આશ્રમના મહંત ૧૦૦૮ નર્મદાપુરી માતાજીએ જણાવ્યું હતું કે, ૨૧ જૂલાઈ- રવિવારે દાતારેશ્વર મહાદેવ આશ્રમમાં ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગની ઉજવણી કરવામાં આવશે. ઉજવણીમાં સવારે અમારા બ્રહ્મલીન ગુરૂ કાશ્મીરી બાપુની સમાધીનું પૂજન કરવામાં આવશે. બાદમાં બપોરના ભાવિકો માટે ભોજન - પ્રસાદનું આયોજન કરાયું છે. સંતવાણી - ભજન સંધ્યાનો કાર્યક્રમ રજૂ થશે વગેરે ભજન, સંતવાણી ત્યારે ગુરૂપૂર્ણિમાની ઉજવણીના પાવન પ્રસંગે ગુરૂજીની સમાધીનું પૂજન, ભોજન-પ્રસાદ અને સંતવાણી ભાવિકોને ભજન, ભોજન અને ભક્તિનો લાભ લેવા દ્વારા મંહત શ્રી ૧૦૦૮ શ્રી નર્મદાપુરી માતાજી ગુરૂ શ્રી કાશ્મીરી બાપુ દ્વારા તથા સેવકગણ દ્વારા હાદિક નિમંત્રણ પાઠવામાં આવે છે.

## કોડીનાર તાલુકાના ડોળાસા ગામનો બાયપાસ વાહન આવન-જાવન માટે ખૂલ્લો મૂકયો : ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવ્યો



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૧૮

કોડિનાર તાલુકાના ડોળાસા ગામે લાંબા સમયમાં ઈન્તજાર બાદ ફોર ટ્રેક રોડનો બાયપાસ વિધિવત ચાલુ કરી દેવાતા ડોળાસા ગામની ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવ્યો છે. ડોળાસા ગામે છેલ્લા પાંચ વર્ષથી બાયપાસનું કામ ચાલી રહ્યું હતું પણ ધીમી ગતિના કામને કારણે આ કામ પૂરૂ થતું ન હતું. જેના કારણે મોટા અને વજનદાર વાહનો ગામમાં થઈને પસાર થતાં હતાં. જેથી ડોળાસા ગામની ટ્રાફિક સમસ્યા વધી ગઈ હતી અને વજનદાર વાહનોની અવર-જવરના કારણે ગામમાંથી પસાર થતો ડામર રોડ દર ચોમાસામાં બિસ્માર હાલતમાં મુકાયો હતો. આ વર્ષે પણ ગામનો રોડ તદન બિસ્માર હાલતમાં છે પણ ડોળાસાનો બાયપાસ ચાલું કરી દેવાતા વાહન ચાલકો અને ડોળાસા ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. હાલ એક તરફનો રોડ બંને બાજુના વાહનોની અવર-જવરના માટે ચાલુ કરાયો છે.

## દ્વારકામાં મહોરમ પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ કલાત્મક તાજીયા ઝુલુસમાં મુસ્લીમ બિરાદરો જોડાયા



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૮

મહોરમ એ હઝરત ઈમામ હુસેન અલય્હિસ્સલામે અને અન્ય કરબલાના શહીદોની સ્મૃતિમાં શોકનો તહેવાર છે. આ દિવસે મુસ્લિમો કરબલાની યાદમાં ઉપવાસ રાખે છે.

આજથી આશરે ૧૪૦૦ વર્ષ પૂર્વે કરબલામાં ઈસ્લામ ધર્મના સંસ્થાપક મોહમ્મદ પયગંબર સાહેબના દોહિત્ર હઝરત ઈમામ હુસેન અલય્હિસ્સલામે પોતાના બોંતેર સાથીઓ સાથે સત્ય માટે દસ દસ દિવસ ભૂખ્યા રહી શહાદત વહોરી હતી. ઈસ્લામ ધર્મમાં આજના પર્વનું વિશેષ મહત્વ છે. રાજયના અન્ય શહેરોની જેમ દ્વારકામાં પણ હજારો મુસ્લીમ બિરાદરોની ઉપસ્થિતિમાં પરંપરાગત રીતે મહોરમ પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં રંગબેરંગી લાઈટીગથી શણગારેલ કલાત્મક તાજીયાના ઝુલુસ નિકળ્યા હતા. આયોજક કમીટી તથા સ્વયંસેવકો દ્વારા મુસ્લીમ બિરાદરોમાં ઠંડા પીણા, શરબત, દૂધની વાનગી બનાવી દાન પુણ્ય કરાયા હતા.

## જામનગરના ચેક રિટર્ન કેસના છ માસથી નાસતા ફરતા આરોપીને પોલીસે દબોચી લીધો



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયાના ન્યુ હરીપર ગામના મૂળ રહીશ અને હાલ અત્રે રેલવે સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા સદામ સતાર સંઘાર નામના શખ્સ વિરૂધ્ધ રૂા.૧,૩૮,૩૦૦ ની કિંમતના ચેક રિટર્ન અંગેની ફરિયાદના અનુસંધાને જામનગરની અદાલત દ્વારા ઉપરોકત આરોપીને એક વર્ષની કેદ તથા દંડનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો. પરંતુ આ આરોપી છેલ્લા આશરે છ માસથી નાસી છૂટ્યો હતો. જે અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા તથા રાજાભાઈ હુણ અને કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત શખ્સને પોલીસે ઝડપી લઈ, કોર્ટમાં રજૂ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવી હતી.

## કેશોદના નાની ઘંસારી ગામે ચોવીસ કલાક અખંડ રામધુન બટુક ભોજન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)
કેશોદ તા.૧૮

કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે છેલ્લા તેતાલીસ વર્ષથી અષાઢ મહિનાની અગીયારસના દિવસે ચોવીસ કલાકની અખંડ રામધુનનું આયોજન કરવામાં આવે છે. જેના આજે ચુમાલીસ વર્ષ પુર્ણ થયા છે. ચોવીસ કલાકની અખંડ રામધુન પુર્ણાહુતી બાદ બટુક ભોજન કરાવવામાં આવે છે. મેંદરડાથી ચાર કિલો મીટર દુર મધુવંતી નદી કીનારે આવેલ શ્રી વૃંદાવન આશ્રમ આલીધ્રા જે પરમ પુજ્ય બ્રહ્મનિષ્ઠ શ્રોત્રીય બ્રમચારીજી બાપુનો આશ્રમ આવેલ છે. જ્યાં દક્ષિણ પ્રદેશમાંથી આલીધ્રામાં આવી બ્રમચારીજી બાપુએ વર્ષો સુધી તપ કરી આલીધ્રા તપોવન ભુમિ બનાવી હતી અને જેમણે લોકોના કલ્યાણ અર્થે સૌરાષ્ટ્રભરમાં ખુલા પગે ચાલીને હરે રામ હરે રામ હરે હરે હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે કલી મહામંત્રનો પ્રચાર કરી ધુનની શરૂઆત કરાવી હતી. ત્યારે તેતાલીસ વર્ષ પહેલા કેશોદના નાની ઘંસારી ગામે બ્રહ્મચારીજી બાપુએ અષાઢ મહિનાની અગીયારસના દિવસે રામધુન શરૂ કરાવી હતી. જે સમયે રામધુનનું કેસુર ભગત રામ ભગત તથા પુંજાભાઈ નંદાણીયા સંચાલન કરતા હતા. સમયાંતરે ત્રણેય સંચાલકોના અવસાન થતાં હાલ લાલાભાઈ વરૂ તથા કરશનભાઈ હડીયા દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. બ્રહ્મચારીજી બાપુએ શરૂ કરાવેલ રામધુનના આજે ચુમાલીસ વર્ષ પુર્ણ થયા છે. રામધુન શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે અષાઢી અગીયારસે રામ મંદિરે ચોવીસ કલાકની અખંડ રામધુનનું આયોજન કરવામાં આવે છે. રામધુન પુર્ણાહુતી બાદ બટુક ભોજનનું આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે છેલ્લા તેતાલીસ વર્ષથી અષાઢ મહિનાની અગીયારસના દિવસે ચોવીસ કલાકની અખંડ રામધુન અને બટુક ભોજનનું આયોજન કરવામાં આવે છે. ત્યારે જોગાનુજોગ મોટાભાગે દર વર્ષે અષાઢી અગીયારમાં મેઘરાજાનું આગમન હોય છે. રામધુનમાં ગ્રામજનો મહીલા સત્સંગ મંડળ તથા આજુબાજુના ગામના ધર્મપ્રેમી ધુનનો લાભ લે છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયાના વતની સોઢા અનિરૂધ્ધસિંહે S.V.I.M. સાથે માઉન્ટ લેંગડીઝોંગ ૫૨૦૦ મીટર ઊંચું શિખર સર કરી તિરંગો લહેરાવ્યો





(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૧૮


મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ગામના વતની અને હાલ જામનગર નિવાસી સોઢા અનિરૂધ્ધસિંહે સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનરીંગ માઉન્ટ આબુ ખાતે ૧મહિનાની કોચિંગ બાદ હિમાલય એક્સપિડીશન માટે એક્ઝામ આપી હતી. જેમાં ક્વોલિફાઈડ થયા બાદ ગુજરાતના ૧૦ લોકોની પસંદગી થઈ હતી. જે ટીમ S.V.I.M. સાથે હિમાલયની ગિરિમાળા ઉપર આવેલ ૫૨૦૦ MTR હાઈટ ઉપર આવેલ માઉન્ટ લેંગડીઝોંગ શિખર સર કરી ભારતનો તિરંગો લહેરાવ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે માઉન્ટેનિંગ દરમ્યાન વાતાવરણીય દબાણ, વરસાદ, પવન, સ્નો ફોલ, ઓક્સિજનની કમી વગેરે જેવા ખતરાઓનો સામનો કરવો પડે જે માટે અગાઉથી તેની તાલીમ આપવામાં આવે છે. મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ યુવાને ખતરાઓનો સામનો કરી આટલી ઉંચાઈ ઉપર પહોંચી દેવભૂમિ દ્વારકા જિલ્લાનું નામ રોશન કર્યું છે.

## અકળ કારણોસર ભાટવડીયાના યુવાને ગળાફાંસો ખાઈ લેતા મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૮

કલ્યાણપુર તાલુકાના ભાટવડીયા ગામે રહેતા ચંદ્રેશભાઈ સોમાભાઈ સાદીયા નામના ૨૭ વર્ષના યુવાને મંગળવારે ભાટવડીયા ગામે બાવળના ઝાડ પર દોરી વડે પોતાના હાથે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યું નીપજ્યું હતું. આ અંગે મૃતકના મોટાભાઈ પ્રતાપભાઈ સોમાભાઈ સાદીયા (ઉ.વ. ૩૦) એ કલ્યાણપુર પોલીસને જાણ કરી છે.

## સ્વામીનારાયણ મંદિર લોએજ ખાતે ગુરૂપૂર્ણિમા ઉજવાશે






જૂનાગઢ તા. ૧૮

આગામી રવીવાર તા. ૨૧ જુલાઈનાં રોજ જૂનાગઢ સહીત સોરઠભરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવનાર છે અનેક આશ્રમોમાં ભકતો દ્વારા ગુરૂજનની પૂજા-પાઠ કરવામાં આવનાર છે ત્યારે સ્વામીનારાયણ મંદિર લોએજ ખાતે સ્વામીનારાયણ મહીલા મંદીર, મહીલા સત્સંગ સમાજ વતી પ.પૂ. સાંખ્યાયોગી બા ભાનુબેન તથા સમગ્ર સાંખ્યાયોગી બહેનો (શિષ્ય મંડળ) દ્વારા ગુરૂપૂર્ણિમાનું તા. ૨૧-૭-૨૪નાં રોજ આયોજન કરવામાં આવેલ છે. જેમાં સાંજે ૬ થી ૯ સુધી ધૂન, કિર્તન, આર્શીવચન, આરતી, મહાપ્રસાદ વગેરે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા કો. સ્વામી મુકતસ્વરૂપદાસજી, પુજારી સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી, મુકિતવાવ પુજારી સ્વામી નિર્મળદાસજી, કો. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી તથા સંત મંડળની યાદીમાં અનુરોધ કરાયેલ છે.

## કલ્યાણપુરમાં પરપ્રાંતીય શ્રમિક પરિવારની માસુમ બાળાનું અપમૃત્યું





(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૮

કલ્યાણપુર તાલુકાના ચુર ગામે મંગળવારે એક શ્રમિક પરિવારની દોઢ વર્ષની માસુમ બાળકીને ઝેરી સર્પે દંશ દેતા તેણીનું કરૂણ મૃત્યું નીપજ્યું હતું. આ બનાવની વિગત એવી છે કે કલ્યાણપુર નજીક આવેલા ચુર ગામના વાડી વિસ્તારમાં રહેતા અને ખેત મજૂરી કામ કરતા ખેરસિંગ અજનાર નામના શ્રમિક યુવાનની દોઢ વર્ષની માસુમ બાળકી પ્રિયંકા મંગળવારે સાંજના સમયે તેના ઘરની બહાર રમી રહી હતી, ત્યારે અહીં રહેલા એક ઝેરી સાપે તેણીને દંશ દેતા આ માસુમ બાળકીને મૂર્છિત હાલતમાં ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત્યું પામેલી જાહેર કરી હતી. માસુમ બાળકીના અપમૃત્યુના આ કરુણ બનાવથી શ્રમિક પરિવારજનોમાં કાળો કલ્પાંત જોવા મળ્યો હતો. હાલ ચોમાસાની ઋતુમાં ઝેરી જનાવર તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. ત્યારે સર્પદંશના કારણે થયેલા મૃત્યુના આ બનાવે લોકોમાં ભય સાથે અરેરાટી પ્રસરાવી છે.

# રાજકોટ-સૌરાષ્ટ્રનું ગૌરવ વધારતા ડો.એમ.વી.વેકરીયા

## હરસ-ભગંદર- ફિશરના દર્દોમાં માનવતા સાથે ઉત્તમ શ્રેષ્ઠ સારવાર દ્વારા સફળ ૩૦,૦૦૦ ઓપરેશન કરવા બદલ 'આયુષ શિરોમણી એવોર્ડ' આરોગ્યમંત્રી ઋષિભાઈ પટેલના વરદ હસ્તે ડો.એમ.વી.વેકરીયાને એનાયત



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

અમદાવાદ ખાતે આયુષ મંત્રાલય, ભારત સરકાર અને NIMA (નેશનલ ઈન્ટીગ્રેટેડ મેડિકલ એસોસિએશન)-ગુજરાત દ્વારા ત્રિદિવસીય અદ્વિતીય સફળ આયુષ એક્સપો-૨૦૨૪નું આયોજન કરાયેલ. તા. ૧૨-૧૩-૧૪ જુલાઈ-૨૦૨૪ દરમ્યાન આયુષ એક્સપો-૨૦૨૪નું ઉદ્‌ઘાટન અને સફળ સમાપન આપણા ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે થયેલ. નિમા-ગુજરાત દ્વારા ગુજરાતની જુદી-જુદી ફેકલ્ટીમાં શ્રેષ્ઠ ઉત્તમ સારવાર આપતા તબીબોનું એક્સપર્ટ તબીબી કમિટી દ્વારા સિલેકશન કરવામાં આવેલ. તેમાં ગુજરાતમાંથી મળમાર્ગના હરસ-મસા-ભગંદર-ફિશરના રોગોમાં શ્રેષ્ઠ, સફળ સારવાર આપવા બદલ રાજકોટના નિષ્ણાત પ્રોકટોલોજિસ્ટ ડો.એમ.વી. વેકરીયાનું સિલેકશન થયેલ. માનવીય અભિગમ સાથે ડો.એમ.વી. વેકરીયા સાહેબે લાખો મળમાર્ગના દર્દીઓને સારવાર આપેલ છે અને ૩૦,૦૦૦ જેટલાં હરસ-મસા-ભગંદર-ફિશરના સફળ ઓપરેશન કરેલ છે.

આયુષ એક્સપો- ૨૦૨૪ના સફળ સમાપન સમયે ગુજરાત રાજ્યના માનનીય આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે ડૉ. એમ.વી. વેકરીયા સાહેબને 'આયુર્વેદા શિરોમણી એવોર્ડ' એનાયત કરવામાં આવેલ છે. આ પહેલા પણ ડો.એમ.વી. વેકરીયાને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, નેશનલ કોન્ફરન્સમાં ધનવંતરી એવોર્ડ, એમીનન્સ એવોર્ડ, બેસ્ટ પ્રોક્ટોલોજિસ્ટ ઓફ સૌરાષ્ટ્ર એવાં અનેક સન્માનનીય એવોર્ડ અને અક્ષરનિવાસી પ.પુ. પ્રમુખસ્વામીના વરદ હસ્તે સન્માન પત્ર અને અનેક શિલ્ડ મળેલા છે. ડો.એમ.વી. વેકરીયા રાજકોટ શહેર તથા સૌરાષ્ટ્રનું ગૌરવ વધારેલ છે. આયુષ એક્સપો-૨૦૨૪ના સફળ સમાપન સમારંભમાં ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, આયુષ ડાયરેક્ટર જયેશભાઈ પરમાર, ડો.હસમુખ વૈદ્ય, ડો.કમલેશ રાજગોર, ડો.હસમુખ પટેલ, ડો.હરિન્દ્ર દવે તથા મંજુશ્રી કોલેજના ડો.સાપોવાડીયાએ નિમા સી.સી. ન્યુ દિલ્હી અને નિમા-ગુજરાત દ્વારા આયોજિત આયુષ એક્સપો-૨૦૨૪માં ૧૬૦૦ તબીબોએ ભાગ લીધેલ. આ સફળ આયોજન અમદાવાદ એકા કલબ-કાંકરીયા ખાતે યોજાયેલ. નિમા-ગુજરાતના પ્રમુખ ડો.હસમુખભાઈ વૈદ્ય, સેક્રેટરી ડો.કમલેશભાઈ રાજગોર, ટ્રેઝરર નિતીનભાઈ પાઠક, ડો.હસમુખભાઈ પટેલ અને તેઓની સમગ્ર તબીબી ટીમ દ્વારા અદ્વિતીય સફળ અને સુંદર આયોજન કરવામાં આવેલ હતી.

# કોડીનારમાં કોમીએકતાના માહોલ વચ્ચે મોહરમની પરંપરાગત ઉજવણી કરાઇ

## આસુરાની ભારે શાનો શોકત સાથે આસ્થાભેર ઉજવણી, મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૮

શહીદે કરબલા હઝરત ઈમામ હુસેન રદી.ની શહાદતની યાદમાં કોડીનાર મુસ્લિમ સમુદાય દ્વારા પરંપરાગત રીતે મોહરમ પર્વની ભારે શાનો શોકત સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે કતલની રાતે કોડીનારના બન્ને મુખ્ય તાજીયા પડમાં આવ્યા બાદ મોડીરાત્રે સામૈયા સાથેનું ઝુલુસ કાદરી મસ્જીદ ચોકમાં આવી પહોંચ્યા બાદ "બડેભાઈ''ના હુલામણા નામથી મશહુર કાપડના કલાત્મક તાજીયા રાત્રીના ૨.૧૫ વાગ્યે તખ્ત ઊપરથી ઉપડ્યા બાદ આખી રાત ચોકારા સાથે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફર્યા હતા.જ્યારે બુખારી મોહલ્લામાં કતલની રાતે ગમગીન માતમ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ આજે આશુરાના દિવસે ઝોહરની નમાઝ બાદ કોડીનારના મુખ્ય બન્ને તાજીયાઓનું વિશાળ ઝુલુસ કાઢવામાં આવ્યું હતું.જેમાં શિઆ ઈસના અસરી સમાજ દ્વારા



બુખારી મોહલ્લામાં બનાવવામાં આવતા 'છોટેભાઈ' ના હુલામણા નામથી મશહૂર ૩૨ ફૂટ લાંબા અને ૩ ટન જેટલું વજન ધરાવતાં ઉંચા કલાત્મક તાજીયા લોક આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.બુખારી મોહલ્લામાં જ્યારે ઝોહરની નમાઝ બાદ તખ્ત ઉપરથી તાજીયા ઉપાડવામાં આવ્યા ત્યારે 'યા હુસેન'ના નારા સાથે અદભુત દ્રશ્યો સર્જાયા હતા, ઝુલુસમાં શિઆ સમાજ દ્વારા ધારધાર ઝંઝીરો અને બ્લેડ વડે કરવામાં આવતું માતમ જોવા લોકો ઉમટી પડ્યા હતા. ૩૨ ફૂટ લાંબા છોટેભાઈ નામના તાજીયાને જ્યારે તેના પરંપરાગત રૂટ એવા ઊંચા ઢોરા ઉપરથી ઉતારવામાં આવ્યા ત્યારે પણ અદભુત નજારો જોવા મળ્યો હતો. આ તકે ઊંચા ઢોરા ઉપર મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડતાં સજજડ ટ્રાફિક જામ સર્જાયો હતો. કોડીનારના બન્ને મુખ્ય તાજીયાઓનું ઝુલુસ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી મોડી સાંજે મૂળદ્વારકાના દરીયામાં શાંત થયા હતા.શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલા તાજીયાના ઝુલુસનું અનેક ઠેકાણે હિન્દૂ મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરાયું હતું, ઝુલુસમાં હિન્દૂ ભાઈ બહેનો પણ મોટી સંખ્યામાં આસ્થાભેર જોડાયા હતા. સમગ્ર ગુજરાતભરમાં મશહૂર કોડીનારના મોહરમના ઝુલુસમાં બહુ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.સમગ્ર મોહરમ ના દિવસો માં અને ઝુલુસ દરમ્યાન પી.આઈ.પટેલ, પી.એસ.આઈ. ચાવડા અને પોલીસ તંત્ર દ્વારા સજજડ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.ઝુલુસ દરમિયાન સજ્જડ બંદોબસ્ત સાથે ટ્રાફીક સહિતની પ્રશશનીય કામગીરી કરનાર પી.આઈ.પટેલ, પી.એસ.આઈ. ચાવડા સહીત ના પોલીસ સ્ટાફનો મુસ્લિમ સમાજ વતી કોડીનાર સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ ભીખુમિયાં બાપુ કાદરી અને જીશાનભાઈ નકવી એ ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. મોહરમ નિમિતે ૧૦ દિવસ સુધી અનેક જગ્યાએ આમ ન્યાઝ,સબીલે હુસેન, તકરીરો, કુરાન ખવાની વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રેલવે સુરક્ષા બળ (આરપીએફ)એ છેલ્લા ૭ વર્ષના દરમ્યાન 'ઓપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા સાત વર્ષથી, રેલવે સુરક્ષા બળ (આરપીએફ) 'નન્હે ફરિશ્તે' નામના ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યું છે. આ એક મિશન છે જે ભારતીય રેલવે ઝોનોમાં પીડિત બાળકોને બચાવવા માટે સમર્પિત છે. છેલ્લા સાત વર્ષ (૨૦૧૮-મે ૨૦૨૪) દરમ્યાન આરપીએફએ સ્ટેશનો અને ટ્રેનોમાં જોખમમાં અથવા જોખમમાં રહેલા ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા છે.

'નન્હે ફરિશ્તે' માત્ર એક ઓપરેશન કરતાં પણ વધુ છે તે હજારો બાળકો માટે એક જીવનરેખા છે જેઓ પોતાને અનિશ્ચિત સંજોગોમાં શોધે છે. ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીનો ડેટા અતૂટ સમર્પણ, અનુકૂલનશીલતા અને સંઘર્ષ ક્ષમતાની વાર્તા દર્શાવે છે. દરેક બચાવ એ સમાજના સૌથી અસુરક્ષિત સદસ્યોની સુરક્ષા માટે RPFની પ્રતિબદ્ધતાનું એક પ્રમાણ છે.

વર્ષ ૨૦૧૮માં 'ઓપરેશન નન્હે ફરિશ્તે'ની મહત્વપૂર્ણ શરૂઆત થઈ. આ વર્ષે, આરપીએફએ કુલ ૧૭,૧૧૨ બાળ પીડિતોને બચાવ્યા. જેમાં બાળકો અને બાળકીઓ બંને શામિલ હતા. બચાવી લેવામાં આવેલા ૧૭,૧૧૨ બાળકોમાંથી ૧૩,૧૮૭ની ઓળખ ભાગેડુ બાળકો તરીકે કરવામાં આવી હતી, ૨૧૦૫ ગુમ થયા હતા, ૧૦૯૧ છૂટા પડ્યા હતા, ૪૦૦ બાળકો નિરાધાર, ૮૭ અપહરણ, ૭૮ માનસિક રીતે અશક્ત અને ૧૩૧ બેઘર બાળકો હોવાનું જાણવા મળ્યું હતું. વર્ષ ૨૦૧૮ માં જે આવી પેહેલની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરતા ઓપરેશન માટે એક મજબૂત પાયો રખાયો હતો વર્ષ ૨૦૧૯ દરમ્યાન આરપીએફના પ્રયાસો સતત સફળ રહ્યા હતા અને બાળકો અને બાળકીઓ બંને સહિત કુલ ૧૫,૯૩૨ બાળકોને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવી લેવાયેલા ૧૫,૯૩૨ બાળકોમાંથી ૧૨,૭૦૮ ભાગેડુ હતા, ૧૪૫૪ ગુમ, ૧૦૩૬ અલગ થયેલા, ૩૫૦ નિરાધાર, ૫૬ અપહરણ, ૧૨૩ માનસિક રીતે અસ્વસ્થ અને ૧૭૧ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા. વર્ષ ૨૦૨૦ કોવિડ મહામારીને કારણે પડકારજનક હતું, જેણે સામાન્ય જીવનને ખોરવ્યું હતું અને કામગીરીને નોંધપાત્ર રીતે અસર કરી હતી. આ પડકારો છતાં, RPF ૫,૦૧૧ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું. વર્ષ ૨૦૨૧ દરમ્યાન આરપીએફ એ તેની બચાવ કામગીરીમાં પુનરુત્થાન જોયું, જેનાથી ૧૧,૯૦૭ બાળકોને બચાવ્યા હતા. આ વર્ષે શોધાયેલ અને સરંક્ષિત કરવામાં આવેલ બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જેમાં ૯૬૦૧ બાળકો ભાગેડુ તરીકે ઓળખાયા, ૯૬૧ ગુમ થયા રૂપમાં, ૬૪૮ અલગ થયેલા, ૩૭૦ નિરાધાર, ૭૮ અપહરણ, ૮૨ માનસિક રૂપથી વિકલાંગ અને ૧૨૩ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા. વર્ષ ૨૦૨૩ દરમ્યાન આરપીએફ ૧૧,૭૯૪ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું. તેમાંથી ૮૯૧૬ બાળકો ઘરેથી ભાગેડુ હતા, ૯૮૬ ગુમ થયા હતા, ૧૦૫૫ અલગ થયા હતા, ૨૩૬ નિરાધાર હતા, ૧૫૬ અપહરણ થયા હતા, ૧૧૨ માનસિક રૂપથી વિકલાંગ હતા અને ૨૩૭ બેઘર બાળકો હતા. આરપીએફએ આ અસુરક્ષિત બાળકોની સુરક્ષા અને સારી કાળજી લેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં આરપીએફએ ૪,૬૦૭ બાળકોને બચાવ્યા છે. જેમાં ૩૪૩૦ ઘરેથી ભાગેડુ બાળકોને બચાવી લેવામાં આવ્યા છે, પ્રારંભિક વલણો ઓપરેશન 'નન્હે ફરિશ્તે' માટે સતત પ્રતિબદ્ધતાની સાક્ષી આપે છે. આ સંખ્યાઓ બાળકો ભાગી જવાની સતત સમસ્યા અને તેમના માતા-પિતા પાસે સુરક્ષિત રીતે પરત કરવાના આરપીએફના દ્વારા કરેલ પ્રયાસો બંને દર્શાવે છે. આરપીએફ એ તેના પ્રયત્નો દ્વારા, ન માત્ર બાળકોને બચાવ્યા છે, બલકે ઘરેથી ભાગેડુ અને ગુમ થયેલા બાળકોની દુર્દશા વિશે પણ જાગૃતિ વધારી છે, જે આગળની કાર્યવાહી અને વિવિધ હિતધારકો નું સમર્થન મળ્યું. આરપીએફના ઓપરેશન ના દાયરાઓ સતત વધી રહ્યા છે, દરરોજ નવા પડકારોનો સામનો કરીને ભારતના વિશાળ રેલવે નેટવર્કમાં બાળકો માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા માટે કરી રહ્યા છે. ટ્રેક ચાઈલ્ડ પોર્ટલ પર બાળકો વિશે સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. ૧૩૫ થી વધુ રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પડેસ્ક ઉપલબ્ધ છે. આરપીએફ બચાવેલા બાળકોને જિલ્લા બાળ કલ્યાણ સમિતિને સોંપે છે. જિલ્લા બાળ કલ્યાણ સમિતિ બાળકોને તેમના માતા-પિતાને સોંપે છે.

# મહોરમ તહેવાર સબબ કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઇ રહે તે માટે ડ્રોન દ્વારા સાંપતી નજર રાખતી વેરાવળ પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૮



જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિકારી વી.આર.ખેંગાર દ્વારા મહોરમ તહેવાર સબબ અત્રેના જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે જે અંગે વેરાવળ શહેરના ઝુલુસ નિકળનાર રૂટ ઉપર ટેકનીકલ સર્વેલન્સ દ્વારા નજર રાખવા સુચના આપવામાં આવેલ હોય તે અનુસંધાને વેરાવળ સીટી પોલીસ ઈન્સપેકટર એચ.આર. ગોસ્વામી નાઓ દ્વારા પ્રાઈવેટ ડ્રોન ભાડે કરાવી ડ્રોન દ્વારા મહોરમ તહેવાર સબબ નિકળનાર ઝુલુસના રૂટ ઉપર ડ્રોન ઉડાડી ડ્રોનથી સમગ્ર રૂટ તેમજ વેરાવળ શહેરના કોમી-તંગદીલી ધરાવતા વિસ્તારોમાં સાંપતી નજર રાખવામાં આવી રહી છે.

### જેમ જન્મદાત્રી પુત્ર-પુત્રીને જન્મ આપી જતનપૂર્વક ઉછેર કરે છે તેમ

# માતાની યાદ-સ્મૃતિરૂપે ધરતીમાતાને લીલીછમ રાખવા એક વૃક્ષ માતાના નામેનું એક રતનપૂર્વક ઉછેર કરવો પણ તેટલુ જ જરૂરી છે : સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા

## વૃક્ષારોપણ કાર્યક્રમમાં રોપાઓનું વિતરણ કરાયું : સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ થયું





(પંકજ ઝીબા દ્વારા)


રાજકોટ, તા.૧૮


જસદણ તાલુકાના વીરનગર ગામે રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે 'એક વૃક્ષ માતાના નામે' યોજવામાં આવેલ કાર્યક્રમમાં સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ ગ્રામજનોને 'એક વૃક્ષ માતાના નામે' અભિયાનમાં સહભાગી થવાનું આહવાન કરતા જણાવ્યું હતું કે પર્યાવરણ જતન અને વાતાવરણ શુદ્ધિ માટે વૃક્ષોનું પ્રદાન અમૂલ્ય છે. જેને ધ્યાનમાં રાખીને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વૈશ્વિક ફલક પર વૃક્ષારોપણની ભાવવાહી અપીલ કરવામાં આવી છે. ત્યારે આંખોની સારવાર માટે સુપ્રસિદ્ધ એવું વીરનગર ગામ ભવિષ્યમાં હરિયાળાં ગામ તરીકે ઓળખાય તેની જવાબદારી ગામલોકોની છે. ધરતીને લીલીછમ બનાવવા માત્ર રોપાઓનું વાવેતર જ નહીં પરંતુ વૃક્ષોનો ઉછેર કરવો અને જતન કરવું પણ એટલું જ આવશ્યક છે. ત્યારે ગામલોકો માતા સાથે મળીને અથવા સદગત માતાની યાદમાં અઢળક વૃક્ષો વાવીને આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ આપશે, તેવો મને વિશ્વાસ છે. વેળાએ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા એ ગ્રામજનોને 'એક વૃક્ષ માતાના નામે' અભિયાનમાં સહભાગી થવાનું આહવાન કરતા જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વૈશ્વિક ફલક પર વૃક્ષારોપણની ભાવવાહી અપીલ કરવામાં આવી છે. ત્યારે આંખોની સારવાર માટે સુપ્રસિદ્ધ એવું વીરનગર ગામ ભવિષ્યમાં હરિયાળાં ગામ તરીકે ઓળખાય તેની જવાબદારી ગામલોકોની છે. ધરતીને લીલીછમ બનાવવા માત્ર રોપાઓનું વાવેતર જ નહીં પરંતુ વૃક્ષોનો ઉછેર કરવો અને જતન કરવું પણ એટલું જ આવશ્યક છે. ત્યારે ગામલોકો માતા સાથે મળીને અથવા સદગત માતાની યાદમાં અઢળક વૃક્ષો વાવીને આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ આપશે, તેવો વિશ્વાસ છે. આ તકે મહાનુભાવોના હસ્તે પ્રતીકરૂપે પાંચ ગામજનોને રોપાઓનું વિતરણ કરાયું હતું. તેમજ તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરીને પુષ્પહાર અર્પણ કર્યા હતા.

અંતે સાંસદશ્રીઓએ બાલા હનુમાનજી મંદિરના પટાંગણમાં જન્મદાત્રીની સ્મૃતિરૂપે વડીલ બહેનો સાથે મળીને વૃક્ષોનું વાવેતર કર્યું હતું અને હનુમાનજીના દર્શન કર્યા હતા. મહાનુભવોએ નિર્દોષાનંદ સ્વામી આશ્રમની મુલાકાત લઈને વિશ્વનાથ મહાદેવજીની આરતી ઉતારી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરાયો હતો. કુમકુમ તિલક અને પુષ્પગુચ્છથી મહાનુભવોનું સ્વાગત કરાયું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ. કે. વસ્તાણી એ શાબ્દિક અભિવાદન તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. નવનાથ ગવ્હાણે એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે જસદણ-વીંછિયા પંથકમાં ચાલુ વર્ષે આશરે એક લાખ રોપાઓનું વાવેતર કરવાનો ધ્યેય છે, જે પૈકી અત્યાર સુધીમાં અંદાજે ૩૨ હજાર રોપાઓનું વાવેતર થઈ ચૂક્યું છે. આ કાર્યક્રમમાં મામલતદાર એમ. ડી. દવે, તાલુકા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર. એસ. રાઠવા, જસદણ તાલુકા વિકાસ અધિકારી કરશનભાઈ ચુડાસમા, જિલ્લા આજીવિકા મિશન અધિકારી વી. બી. બસિયા સહિતના અધિકારીઓ અને રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયાના સહિતના દૂધ મંડળીઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સોમનાથ મંદિર યાત્રિક ભોજન પ્રસાદાલયોમાં પ્રતિદિન કરાઈ છે મા અન્નપૂર્ણાની ભાવમય આરતી

## સોમનાથ ટ્રસ્ટના અભિનવ પ્રયોગમાં લોકોની જઠરાગ્ની શાંત કરતા પહેલા અન્નદેવતાની પૂજા જોઈ અભિભુત બને છે યાત્રીકો





(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૮

વિશ્વ પ્રસિધ્ધ અને ભારતના બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ ટ્રસ્ટ સંચાલિત યાત્રિકોની ભોજન સુવિધા માટે ચાર ભોજનાલયો આવેલા છે જેમાં સાગર દર્શન, લીલાવતી, માહેશ્વરી જે નિયત ચાર્જવાળા છે. જયારે એક વિનામુલ્યે નિઃશુલ્ક ભોજનાલય પણ છે. આ ચારે ચાર ભોજનાલયોમાં સવાર અને સાંજના રસોઈ પૂર્ણ થયા બાદ એટલે કે, સવારે ૧૦:૪૫ અને સાંજે ૬:૪૫ અરસામાં આ ભોજનાલયમાં સોમનાથ જયોર્તિલીંગની અને વિશેષતા : ભોજનાલય હોવાથી મા અન્નપૂર્ણા દેવીની છબીઓ રાખવામાં આવી છે. આ છબી સમક્ષ ભોજનાલયોનો સંપૂર્ણ સ્ટાફ કતારબંધ હાથ જોડી ઉભા રહી ભગવાન, માતાજી સમક્ષ યાત્રિકોને પીરસાનારી ભોજન સાથેની થાળી કે થાળ મુકી દિવા-અગરબતી કરી વંદન કરે છે અને જેવી ધ્વનીવર્ધક યંત્રમાંથી મા અન્નપૂર્ણાની આરતી શરૂ થાય અને પૂર્ણ થાય ત્યાં સુધી યુનિફોર્મધારી સંપૂર્ણ સ્ટાફ બે હાથ જોડી આરતીમાં ભાગ લે છે.

વચ્ચે વચ્ચે કયારેક શંખનાદ પણ કરાય છે. ભોજનની પ્રતિક્ષા કરતા યાત્રિકો આવું પાવનકારી દ્રશ્ય જોઈ પ્રભુ સ્મરણથી ભીંજાય છે અને દુરથી પોતાની જગ્યાએ તેઓ પણ બે હાથ જોડી આરતિના સહભાગી બને છે. આરતી પૂર્ણ થતા પછી સૌ સ્ટાફ એક પછી એક માતાજીની છબી સમક્ષ ઝુકી વંદન કરી પછી જ ફરજ શરૂ કરે છે. ધરાયેલો આ ભોજન થાળના વ્યંજનો થોડા થોડા યાત્રિકોને જ વાસણમાંથી ભોજન પીરસવાનું છે તેમાં સર્મપિત કરી સૌ યાત્રિકોને આ પ્રસાદીઅંશ પુણ્ય મળે તેવો પ્રબંધ કરાયેલ છે. અન્નપૂર્ણાની સ્તુતિ, સ્તોત્ર ગુંજનથી યાત્રિકો પવિત્ર અનુભૂતિ કરે છે અને આરતી બાદ ભોજનાલયોમાં ત્રણ-ચાર સ્થળે અગરબતી કે ધુપ સુગંધ મુકી પછી જ રોજીંદુ ભોજન પીરસવાનું શરૂ થાય છે. આપણે શાળા -કોલેજોમાં અને મહાત્મા ગાંધીના આશ્રમમાં થતી પ્રાર્થનાઓ તો જોઈ છે. પરંતુ ભોજનાલયમાં આવું હોય તે પ્રેરક અભિનવ પ્રયોગ છે. આ પ્રાર્થના સ્તોત્રમાં માહાશ્વરે ડાયનીંગ ભોજનલાયના ૨૨, સાગરદર્શન, ડાયનીંગ હોલના ૧૭, લીલાવંતી ડાયનીંગ હોલના ૧૫ અને સોમનાથ નિઃશુલ્ક ભોજનાલયના ૨૦ કર્મચારીઓ ભાગ લે છે.

### ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બન્યું એપ્લિકેશનનો પ્રારંભ કરનાર

# જીએસટીના બોગસ બીલ કૌભાંડ રોકવા એપ્લિકેશન શરૂ કરાઈ

## રાજ્યમાં બાર જેટલા સ્થળોએ જીએસટી સેવા કેન્દ્રની સ્થાપના કરાઈ છે ૬૬૯૨ બોગસ અરજદારોએ પકડાઈ જવાના ડરથી અરજી કરવાનુ ટાળ્યું હતું

અમદાવાદ, તા.૧૮

જીએસટીમાં બોગસ બીલો દ્વારા કરોડોનું કૌભાંડ કરનારા તત્વોએ રાજ્યની તિજોરીને ઘણું નુકસાન પહોંચાડ્યું છે પરંતુ હવે સ્ટેટ જીએસટી વિભાગ આવા બોગસ બીલ કૌભાંડને રોકવા એપ્લિકેશન શરૂ કરી છે. અત્યાર સુધી બાયોમેટ્રિક સિસ્ટમથી પ્રક્રિયા થતી હતી. જેમાં બાયોમેટ્રિક દ્વારા ગરીબોને લાલચ આપી આધારમાં મોબાઈલ નંબર બદલી બાદમાં કૌભાંડ આચરતા હોવાના અને કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે ત્યારે હવે તે જીએસટી વિભાગે આધાર બેઝડ ફેસ ઓથેંટીકેશન એપ્લિકેશ લોન્ચ કરવામાં આવી છે.રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ નવી સેવાનો પ્રારંભ કરાવ્યો છે. એપ્લિકેશનનો પ્રારંભ કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે. બોગસ બીલના કૌભાંડી તત્વોએ જુદી જુદી રીતે મોડસ એપ્રેન્ડી જેવીકે આર્થિક રીતે નબળા માણસોને નાણાકીય પ્રલોભનો આપી વિવિધ સ્કિમોમાં ભરમાવી તેઓના આધાર પુરાવા મેળવી લઈ, તેઓના આધાર સાથે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી નાખી તેમજ તદ્દન ખોટા દસ્તાવેજો ઊભા કરી ખોટા GST નોંધણી નંબર મેળવવાના અનેક કીસ્સા સામે આવી ચૂક્યા છે. આવા બોગસ GST નોંધણી નંબરનો ઊપયોગ ખોટા બીલો ઈશ્યુ કરી બોગસ ITC પાસઓન કરવા માટે થતો હતો. આમ થવાથી સરકારી આવકને ખુબ મોટુ નુકશાન પહોંચતુ હતું.બોગસ બિલીંગની પ્રવૃત્તિને અસરકારક રીતે ડામવા માટે ગુજરાત રાજયવેરા ખાતા દ્વારા GST સેવા કેન્દ્રની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી. જે મુજબ નવા નોંધણી નંબર મેળવવા ઈચ્છતા અરજદારોને પાસપોર્ટ સેવા કેન્દ્રની તર્જ પર GST સેવા કેન્દ્ર ખાતે રૂબરૂ બોલાવી તેઓના આધાર ઓથેન્ટીકેશન તેમજ તેમના દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓને ખરાઈ કરી નોંધણી નંબર આપવા વિશેનો નિર્ણય કરવાની પરીકલ્પના કરાઈ હતી. જે અંતર્ગત રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ નવી સેવાનો પ્રારંભ કરાવ્યો છે.નવી સિસ્ટમથી જીએસટી નંબર મેળવવાની પ્રક્રિયા સરળ બનશે. ફેસ ઓથેન્ટિકેશન સિસ્ટમથી જીએસટીને લઈને થતા કૌભાંડ પર રોક લાગશે. અત્યાર સુધી બાયોમેટ્રિક દ્વારા પ્રક્રિયા થતી હતી. બાયોમેટ્રિક દ્વારા ગરીબોને લાલચ આપી આધારમાં મોબાઈલ નંબર બદલી બાદમાં કૌભાંડ આચરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે,“રાજ્યમાં બાર જેટલા સ્થળોએ જીએસટી સેવા કેન્દ્રની સ્થાપના કરાઈ છે. ૬૬૯૨ બોગસ અરજદારોએ પકડાઈ જવાના ડરથી અરજી કરવાનુ ટાળ્યું હતું. જીએસટી આગમન બાદ ટેક્સ પેયરની સંખ્યા ૫ લાખ ૮ હજાર ૮૬૩ થી વધી ૧૧ લાખ ૯૭ હજાર ૪૭૬ સુધી પહોંચી છે. દરેક નવા સંશોધન માટે ગુજરાતે ઈનીશેટીવ લીધો છે. ગુજરાતે જીએસટી કાઉન્સિલમાં જે સલાહ સુચન આપ્યા છે તેને ગંભીરતાથી લેવાયા છે. ખોટા બીલ અને ટેક્સ ચોરીના જે કિસ્સા આવતા હતા તે અટકાવવા માટે ગુજરાતે જ પગલાં લીધો અને જીએસટી સેવા કેન્દ્રની શરૂઆત થઈ. હવે સમગ્ર દેશમાં જીએસટી સેવા કેન્દ્ર શરૂ કરવાનુ નક્કી કરાયું છે.’’

### ગુજરાતનો દરિયાકિનારો ભયજનક દરે અદ્રશ્ય થઈ રહ્યો છે

# ૪૦ વર્ષમાં ગુજરાતનો ૭૦૩ કિમીનો દરિયા કિનારો નાશ

## ઝડપી ધોવાણ માટે દરિયાની સપાટીના તાપમાનમાં વધારો જવાબદાર

અમદાવાદ, તા.૧૮

૪૦ વર્ષના અભ્યાસમાં બહાર આવ્યું છે કે ગુજરાતનો દરિયાકિનારો ભયજનક દરે અદ્રશ્ય થઈ રહ્યો છે. ખંભાતના અખાતથી કચ્છના અખાત સુધી, સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે, એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ૧૬ દરિયાકાંઠાના જિલ્લાઓમાંથી, ૧૦ નોંધપાત્ર ધોવાણ સાથે ઝઝૂમી રહ્યા છે, જે રાજ્યના દરિયાકાંઠાના લગભગ ૪૫.૮%ને અસર કરે છે. આ ચિંતાજનક ઘટના લગભગ ૫૪૯ ગામોને અસર કરી રહી છે, જેમાં એક મિલિયનથી વધુ લોકો વસે છે. ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે, “૨૦૨૧ માં, માહી નદીના વિસ્તારની નજીકના ખંભાત દરિયાકિનારાએ ૪૦ વર્ષોમાં ૧૧૩.૯m થી ૮૩૧.૪m સુધીના કિનારાના ફેરફારોમાં નાટ્યાત્મક વધારો નોંધ્યો હતો, જેમાં વાર્ષિક ૩૯.૭૬m ના દરે ફેરફાર થયો હતો.’’ એપ્લિકેશન અને જીઓઈન્ફોર્મેટિક્સ

ગુજરાતનો દરિયાકિનારો ૧,૬૧૭ કિમીમાં ફેલાયેલો છે, જે ૧૩ દરિયાકાંઠાના જિલ્લાઓ અને ૩૫ તાલુકાઓને સ્પર્શે છે, જે તેને દેશનો સૌથી લાંબો બનાવે છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું છે, ત્યારબાદ જામનગર, ભરૂચ અને વલસાડનો ક્રમ આવે છે. ૧,૬૦૦ કિ.મી.ના દરિયાકિનારામાંથી ૭૦૩.૬ કિ.મી.નું ધોવાણ થઈ રહ્યું છે. “દક્ષિણ ગુજરાતમાં, અંદાજે ૮૩.૦૬% દરિયાકાંઠો ધોવાઈ રહ્યો છે, ૧૦.૧૫% સ્થિર છે અને ૬.૭૮% જમીન મેળવી રહ્યો છે; ક્ષીણ થતા દરિયાકાંઠાની લંબાઈ સ્થિર અને વધતા દરિયાકાંઠા કરતા વધારે છે. આ ધોવાણ સુરત જિલ્લાના દાંડીથી વલસાડ જિલ્લાના ઉમરગામ સુધી ફેલાયેલું છે,” BISAG-N ના સંશોધકો કૃણાલ પટેલ, રાજમલ જૈન, માણિક કાલુબર્મે અને તુષારકુમાર ભટ્ટ દ્વારા અભ્યાસમાં જણાવાયું છે.

તેમના અભ્યાસમાં ૧૯૭૮-૨૦૨૦ના સેટેલાઈટ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે કચ્છ અને જામનગરમાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જેમાં અનુક્રમે ૧૩૦m અને ૬૪mથી વધુનું ધોવાણ થયું હતું.BISAG અભ્યાસે દરિયાકાંઠાના પરિવર્તન દરના આધારે ધોવાણને વર્ગીકૃત કર્યું: ૩૦૦m કરતાં ઓછા માટે નીચું, ૧૦૦-૫૦૦m માટે મધ્યમ અને ૧૬ કરતાં વધુ માટે ઊંચું. સંશોધનમાં ગુજરાતના દરિયાકાંઠે વધતા દરિયાઈ સપાટીના તાપમાન (SST)ને ધોવાણને વેગ આપવાના મુખ્ય પરિબળ તરીકે દર્શાવવામાં આવ્યું છે. ૧૮૬૦-૨૦૨૦ ના ડેટાએ કચ્છના અખાત, ખંભાતના અખાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ધીમે ધીમે SST વધારો દર્શાવ્યો હતો, જેમાં ખંભાતના અખાતમાં સૌથી વધુ ૧.૫ °C નો વધારો જોવા મળ્યો હતો, ત્યારબાદ સૌરાષ્ટ્રનો કાંઠો અને તે પછી કચ્છનો અખાત “જામનગર જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જે ૧૯૭૮-૧૯૯૮ની સરખામણીમાં ૧૯૯૮-૨૦૨૦ દરમિયાન લગભગ ૨.૫ ગણું વધુ હતું,’’ અભ્યાસમાં જોવા મળ્યું હતું. “સુરત ૧.૨૪ ગણા અને વલસાડ ૧.૧૭ ગણા સાથે બીજા ક્રમે છે.’’

### ટૂંક સમયમાં ડ્રોન પાયલોટની તાલીમ શરૂ થશે

# ખેડૂતો અને તેમના બાળકોને ડ્રોન ચલાવવાની તાલીમ આપવામાં આવશે

## બાળકોને ૧,૨૦૦ રૂપિયાની નજીવી ફીમાં ડ્રોન ચલાવવાની તાલીમ આપવા માટે કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભાના કાયદા દ્વારા સ્થપાયેલી કૌશલ્યા સ્કીલ યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં તેની ડ્રોન મંત્ર લેબમાં ૧૦૦ ડ્રોનનું ઉત્પાદન કર્યું છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ, જે સોમવાર, ૧૫ જુલાઈના રોજ મનાવવામાં આવે છે.ગુજરાત વિધાનસભાના કાયદા દ્વારા સ્થપાયેલી કૌશલ્યા સ્કિલ યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં તેની ડ્રોન મંત્ર લેબમાં ૧૦૦ ડ્રોનનું ઉત્પાદન કર્યું છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ, જે સોમવાર, ૧૫ જુલાઈના રોજ મનાવવામાં આવે છે, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તેનો ઉપયોગ ખેડૂતો અને તેમના બાળકોને ૧,૨૦૦ રૂપિયાની નજીવી ફીમાં ડ્રોન ચલાવવાની તાલીમ આપવા માટે કરવામાં આવશે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ગુજરાતની ૧૯ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટૂંક સમયમાં ડ્રોન પાયલોટની તાલીમ શરૂ થશે. હાલમાં, કૌશલ્યા કૌશલ્ય યુનિવર્સિટી દ્વારા કલોલમાં રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (RPTO) કાર્યરત છે. પાઈલોટ તાલીમ માટેની ભાવિ માંગને પહોંચી વળવા શિલાજ કેમ્પસમાં એક નવા RTPOને મંજૂરી આપવામાં આવી છે. “વધુમાં, ૧૯ વધુ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ શરૂ કરવાની યોજનાઓ ચાલી રહી છે. ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ ની સામાન્ય ખાનગી ક્ષેત્રની કિંમતની સરખામણીમાં ખેડૂતો અને તેમના બાળકોને આ નવા સ્થાનો પર ૧૨૦૦ રૂપિયાની નજીવી ફીમાં ડ્રોન પાયલોટની તાલીમ મળશે,’’ નિવેદનમાં જણાવાયું છે. અહીં ડ્રોન આધારિત રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના છંટકાવની ખેતીમાં માંગ વધી રહી છે. પરંપરાગત પંપ આધારિત પદ્ધતિઓ ખેડૂતોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે છે, જ્યારે ડ્રોનનો ઉપયોગ કરીને છંટકાવ કરવાથી ખાતરો અને રસાયણોની બચત થાય છે અને વધુ ચોક્કસ ફીલ્ડ એપ્લીકેશન ઓફર કરે છે, જેનાથી પાકના ઉત્પાદનમાં વધારો થાય છે.

# હાર્દિક પંડયા શ્રીલંકામાં ODI સિરીઝમાં નહીં રમે

મુંબઈ, તા.૧૮

શ્રીલંકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત પહેલા એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે અને તે એ છે કે હાર્દિક પંડ્યા વનડે સિરીઝમાં નહીં રમે. ભારતનો શ્રીલંકા પ્રવાસ ૨૭ જુલાઈથી શરૂ થઈ રહ્યો છે, જેમાં પ્રથમ ૨૦ શ્રેણી રમાશે. હાર્દિક પંડયા ૩ મેચની ૨૦ સિરીઝ રમશે. પરંતુ તે પછીની વનડે શ્રેણીમાં રમતા જોવા મળશે નહીં. હવે પ્રશ્ન એ છે કે આવું કેમ? કારણ અંગત કહેવાય પણ એ શું છે? શું તે કારણ તેની પત્ની નતાશા સાથે સંબંધિત હોઈ શકે છે? ભારત-શ્રીલંકા વનડે શ્રેણી ૨ ઓગસ્ટથી શરૂ થશે. ૨૦ સિરીઝ ૩૦ જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે, ત્યારબાદ હાર્દિક ભારત પરત ફરશે. હવે સવાલ એ છે કે એવું કયું અંગત કારણ હોઈ શકે કે જેના કારણે હાર્દિક પંડયાએ શ્રીલંકાનો પ્રવાસ અધવચ્ચે જ છોડવો પડશે. હાર્દિક પંડ્યાએ BCCIને પણ ODI સિરીઝમાં નહીં રમવાની જાણકારી આપી છે. કારણ અંગત છે. તો શું તેનું આ અંગત કારણ તેની પત્ની નતાશા સાથે સંબંધિત હોઈ શકે? વાસ્તવમાં, છેલ્લા કેટલાક સમયથી હાર્દિક અને નતાશાના પરસ્પર સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ઘણી વાતો ચાલી રહી છે. કહેવા માટે બંને પતિ-પત્ની છે, પરંતુ હાલમાં જે તસવીરો સામે આવી છે તેના પરથી લાગે છે કે સંબંધો સમાપ્ત થઈ ગયા છે. સ્થિતિ એવી છે કે બંનેના છૂટાછેડાની ચર્ચા છે. તો શું હાર્દિકના શ્રીલંકા પ્રવાસ અધવચ્ચે જ છોડવા પાછળનું કારણ આ સાથે જોડાયેલું છે? સ્વાભાવિક છે કે દાવાઓ દ્વારા આ મુદ્દે હાલમાં કંઈ કહી શકાય નહીં. અને જે પણ છે તે માત્ર અટકળો છે. હાર્દિક પંડ્યાએ ભારત માટે તેની છેલ્લી વનડે ગયા વર્ષે ૧૯ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામે રમી હતી. પંડ્યાની લાંબા સમયથી ૈ નહીં રમી શકવાની રાહ શ્રીલંકામાં સમાપ્ત થઈ શકે છે. પરંતુ, હવે અંગત કારણોસર આ શક્ય બનશે નહીં. જો કે આ બધાની વચ્ચે એક સારા સમાચાર આવી રહ્યા છે કે હાર્દિક શ્રીલંકા સામેની ્૨૦ સિરીઝમાં ટીમની કેપ્ટન્સી પણ કરશે. આ પહેલા એવા સમાચાર હતા કે સૂર્યકુમાર યાદવને પણ કેપ્ટન બનાવવામાં આવી શકે છે. પરંતુ, હવે કેપ્ટનના નામ પરથી સસ્પેન્સ દૂર થઈ ગયું છે. ૨૭થી ૩૦ જુલાઈ દરમિયાન રમાનારી ૨૦ શ્રેણીમાં હાર્દિક પંડયા કેપ્ટન રહેશે.

# એક જ ટ્રેનમાં ૭ રાજ્યોની મુસાફરી કરો, એક માર્ગ ભારતની સૌથી લાંબી રેલ યાત્રા




નવી દિલ્હી ,તા.૧૮

ભારતીય રેલવે ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ સુધી ચાલે છે. ભારતીય રેલવે ટ્રેક પર્વતોથી જંગલો સુધી ફેલાયેલા છે. આવો જ એક માર્ગ ભારતની સૌથી લાંબી રેલ યાત્રા છે. જો તમે એકવાર આ મુસાફરી ચાલુ કરો છો તો તમે ૪ દિવસે તમારા મુકામ પર પહોંચશો. ટ્રેનની મુસાફરી સુખદ છે, પરંતુ શું તમે એક જ સીટ પર એક જ કોચમાં ૪ દિવસ પસાર કરી શકો છો? ભારતની આ ટ્રેનની મુસાફરી આસામના ડિબ્રુગઢથી શરૂ થાય છે અને ૪ દિવસની મુસાફરી કર્યા બાદ આ ટ્રેન તમિલનાડુના કન્યાકુમારી પહોંચે છે.

દેશની સૌથી લાંબી રેલ યાત્રા પૂરી પાડતી આ ટ્રેનનું નામ છે વિવેક એક્સપ્રેસ. આ ટ્રેન ૪ દિવસમાં ૪ હજાર કિલોમીટરથી વધુની સફર પૂરી કરે છે. રેલવે બજેટ ૨૦૧૧-૧૨માં ડિબ્રુગઢ - કન્યાકુમારી વિવેક એક્સપ્રેસની જાહેરાત કરવામાં આવી હતી. તેની શરૂઆત સ્વામી વિવેકાનંદના ૧૫૦મા જન્મદિવસે કરવામાં આવી હતી. આ ટ્રેન આસામના ડિબ્રુગઢથી તમિલનાડુના કન્યાકુમારી સુધી જાય છે. વિવેક એક્સપ્રેસ ૯ રાજ્યોમાં મુસાફરી કરે છે. દેશની આ સૌથી લાંબા અંતરની ટ્રેન આસામ, નાગાલેન્ડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુ વચ્ચે દોડે છે. આ સફર પૂર્ણ કરવામાં તેને ૪ દિવસનો સમય લાગે છે. ૧૯ કોચવાળી આ ટ્રેન તેની મુસાફરી દરમિયાન ૪,૧૮૯ કિલોમીટરનું અંતર કાપે છે. આ અંતર કાપવામાં ૭૫ કલાકનો સમય લાગે છે. મુસાફરી દરમિયાન ટ્રેન ૫૯ સ્ટેશનો પર ઉભી રહે છે. ડિબ્રુગઢ - કન્યાકુમારી સૌથી લાંબુ અંતર કાપતી આ ટ્રેન અઠવાડિયામાં માત્ર બે દિવસ ચાલે છે. ઈઝ્ઞ્ઝ વેબસાઈટ અનુસાર ટ્રેન નંબર ૧૫૯૦૫/૧૫૯૦૬ વિવેક એક્સપ્રેસ મંગળવાર અને શનિવારે ચાલે છે. ડિબ્રુગઢથી સાંજે ૭.૨૫ વાગ્યે શરૂ થયેલી આ ટ્રેન ૭૫ કલાક સુધી પાટા પર ચાલે છે અને ચોથા દિવસે બપોરે ૨૨.૦૦ વાગ્યે કન્યાકુમારી પહોંચે છે.

# ડાંગરના પાકને રોગ અને જીવાતથી બચાવવા રાજ્યના ખેડૂતોને પ્રતિકારક શક્તિ ધરાવતી જાતોનું વાવેતર કરવા ખેતી નિયામકની કચેરીનો અનુરોધ



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં ચોમાસાના આગમન બાદ ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી છે. ખેડૂતો તેમની ઉપજને બચાવીને સારા ભાવ મેળવી શકે તે માટે રાજ્ય સરકાર સતત પ્રત્યનશીલ છે. ડાંગર પાકમાં રોગ અને જીવાતના વ્યવસ્થાપન માટે વાવેતર પહેલા અને વાવેતર સમયે ખેડૂતોએ ધ્યાનમાં લેવાના કેટલાક મહત્વપૂર્ણ પગલાઓ ખેતી નિયામકની કચેરી દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

ડાંગર પાકમાં ગાભમારાની ઈયળનાં નિયંત્રણ માટે મહદઅંશે પ્રતિકારક શકિત ધરાવતી નર્મદા, જીએઆર ૩, જીઆર ૧૦૧, ગુર્જરી, જીએઆર ૧૩, મહીસાગર, જીએઆર ૧૪, અને જીઆર ૨૧ જેવી જાતોનું વાવેતર કરવું જોઈએ. ડાંગરની રોપણી જુલાઈ માસના પ્રથમ પખવાડિયામાં કરવી જોઈએ. શક્ય હોય ત્યાં જુલાઈના પ્રથમ પખવાડીયામાં ફેરરોપણી કરવાથી ડાંગરના પાકમાં ગાભમારાની ઈયળ, બદામી ચૂસીયાં અને સફેદ પીઠવાળા ચૂસીયાંનો ઉપદ્રવ ઘટાડી શકાય છે.

ખેતી નિયામકની કચેરીની માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર ગાભમારાની ઈયળને કાબુમાં રાખવા ધરૂવાડિયામાં કારટેપ હાઈડ્રોક્લોરાઈડ ૪-જી દાણાદાર દવા, ૪-૫ કિ.ગ્રા પ્રતિ વીઘા મુજબ ધરુ નાખ્યા બાદ પંદરમાં દિવસે ધરૂવાડિયામાં રેતી સાથે મિશ્ર કરી આપવી જોઈએ. ડાંગરની ફેરરોપણી કરતી વખતે ધરૂના પાનની ટોચો કાપી નાખી રોપણી કરવી જેથી પાનની ટોચ ઉપર રહેલાં ઈંડાના સમૂહનો નાશ કરી શકાય. ડાંગરના ચૂસિયાનો ઉપદ્રવ જોવા મળે તો, તરત જ ક્યારીમાંથી પાણી નિતારીને કોરુ કરવાથી જીવાત નાશ પામે છે.

આ ઉપરાંત ડાંગરમાં કટવોર્મ લશ્કરી ઈયળના નિયંત્રણ માટે ધરૂવાડિયામાં સમયાંતરે પાણી ભરવાથી ઈયળો જમીનમાંથી બહાર આવશે અને પક્ષીઓ દ્વારા ખવાઈ જશે. ત્યારબાદ જરૂરી નિતાર વ્યવસ્થા ગોઠવવી અને ધરૂવાડિયાની ફરતે એકાદ ફૂટ ઉંડી ખાઈ ખોદવાથી ઈયળોનો પાક ઉપર પ્રવેશ અટકાવી શકાય છે. કોઈ પણ પાકમાં રોગના નિયંત્રણ માટે ખેડૂતોએ રોગમુક્ત, તંદુરસ્ત અને પ્રમાણિત બિયારણનો ઉપયોગ કરવો અને નાઈટ્રોજનયુક્ત ખાતરોનો ભલામણ કરતા વધારે વપરાશ કરવો નહિ. ખેતરની આજુ-બાજુના શેઢાપાળા પરનું ઘાસ કાઢીને શેઢાને ચોખ્ખા રાખવાથી રોગોને ઘટાડી શકાય છે.

ડાંગરમાં કરમોડી-ખડખડિયો બ્લાસ્ટનાં નિયંત્રણ માટે રોગ પ્રતિકારક શક્તિ ધરાવતી જાતો જેવી કે જીએઆર ૧, જીએઆર ૨, જીએઆર ૩, જીએઆર ૧૩, મહીસાગર, જીએઆર ૧૪, જીઆર ૨૧, જીએઆર ૨૨, જીઆર ૭, જીઆર ૧૦૧, જીઆર ૧૦૨, જીઆર ૧૦૪, જીઆર ૧૨, નર્મદા અને જીઆર ૬ જાતોનું વાવેતર કરવું જોઈએ. આ ઉપરાંત પર્ણચ્છેદ કહોવારો શીથ રોટ માટે મસુરી, જીઆર ૧૨, જીઆર ૧૦૪, જીએઆર ૧, જીએઆર ૨, જીએઆર ૩, જીએઆર ૧૩, મહીસાગર, જીએઆર ૧૪, જીએઆર ૨૨, આઈઆર ૬૪, જીએનઆર ૩, જીએનઆર ૬, જીઆર ૧૫ અને જીઆરએચ ૨ જેવી રોગ પ્રતિકારક જાતોની વાવણી કરવી જોઈએ.

ધરુ નાખતા પહેલા બીજને ૧ કિ.ગ્રા દીઠ ૨-૩ગ્રા. કાર્બેન્ડેઝીમ ૫૦ વે.પા.નો પટ આપવો જોઈએ. ગલત અંગારીયો અથવા ફોલ્સ સ્મટના નિયંત્રણ માટે બીજને વાવતા પહેલાં ૨.૦ ટકા મીઠાના દ્રાવણમાં ૧૦ મિનીટ બોળવાથી ઉપર તરતા હલકા અને અંગારિયા વાળા રોગીષ્ટ બીજ દૂર કરી નાશ કરવો અને ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૨-૩ગ્રા. કાર્બેન્ડેઝીમ ૫૦ વે.પા. અથવા ૨૫ ગ્રામ થાયરમ ૭૫ ડબલ્યુ.એસ.નો પટ આપવો જોઈએ, જેથી આ રોગને અસરકારક રીતે કાબુમાં લઈ શકાય. જ્યાં દર વર્ષે આ રોગ આવતો હોય તેવા વિસ્તારમાં બે વર્ષ સુધી ડાંગરનો પાક ન લેતા પાકની ફેરબદલી કરવી હિતાવહ છે.

ડાંગરનો પર્ણચ્છેદ સુકારો શીથ બ્લાઈટ રોગના નિયંત્રણ માટે ડાંગરની રોપણી પહેલા ઈકડનો લીલો પડવાશ, છાણિયું ખાતર અથવા જુદા-જુદા કોઈ પણ ખોળ જમીનમાં આપવા તેમજ ડાંગરના છોડની પહોળા ગાળે રોપણી કરવી પાનનો સુકારો-ઝાળ અથવા બેકટેરિયલ બ્લાઈટ રોગના નિયંત્રણ માટે રોગપ્રતિકારક જાતો જેવી કે મસુરી, ગુર્જરી, જીએઆર ૧૩, જી.આર ૧૪, મહીસાગર, જીઆર ૨૧, જીએઆર ૨૨ની વાવણી કરવાથી પાકને બચાવવી શકાય છે.

આ ઉપરાંત પાનના સુકારા માટે ૨૫ કિ.ગ્રા. બીજ ને ૨૪ લિટર પાણીમાં ૬ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકિલન વાળા દ્રાવણમાં ૮ થી ૧૦ કલાક બોળીને છાંયે સૂકવી કોરા કરીને વાવવાં અને લોહતત્વની ઉણપથી થતો ધરૂનો કોલાટ પીળીયો રોગ અને ઝીંક તત્વની ઉણપથી થતો ત્રાંબિયો રોગના નિયંત્રણ માટે ધરૂવાડીયામાં સેન્દ્રીય ખાતરો જમીનમાં અવશ્ય નાખવું જોઈએ. જે જમીનમાં ઝીંક તત્વની ઉણપ દર વર્ષે જણાતી હોય ત્યાં રોપણી અગાઉ જમીનમાં ધાવલ કરતી વખતે ૧૨.૫ કિ./હે. દીઠ ઝીંક સલ્ફેટ પાયાના ખાતર સાથે પંખીને આપવું જોઈએ.

વધુમાં, ધરૂવાડિયામાં ધરૂનો કોલાટ અથવા પિળિયો રોગને નિયંત્રણ માટે પાણી ભરવાની પૂરતી સગવડ ન હોય તો ૧૦લી. પાણીમાં ૪૦ ગ્રા. ફેરસ સલ્ફેટ અથવા હીરાકણી+૨૦ ગ્રા. ચુનાના મિશ્ર દ્રાવણનો આગલી રાત્રે ચૂનાનું દ્રાવણ બનાવી બીજા દિવસે નિતર્યા પાણીનો ઉપયોગ કરી ધરૂવાડિયાના પાન ઉપર છંટકાવ કરવો, ત્યારબાદ જરૂર જણાય તો એક વખત ૫૦ કિ.ગ્રા/હે. નાઈટ્રોજનનો વધારાનો હપ્તો એમોનિયમ સલ્ફેટ ખાતરના રૂપમાં આપવાથી રોગને અસરકારક રીતે કાબુમાં લઈ શકાય છે. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ-જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવ્યું છે, તેમ યાદીમાં વધુમાં જણાવાયું હતું.

# ગુજરાતના ૨૦૬ જળાશયોમાં ૩૪% થી વધુ જળસંગ્રહ, રાજ્યની જીવાદોરી સરદાર સરોવર ડેમમાં ૫૨% થી વધુનો જળસંગ્રહ



રાજકોટ તા. ૧૮

આ વર્ષે વરસેલા વરસાદથી રાજ્યના ટમાં જળાશયોમાં પાણીની આવક થઈ છે, રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૪% થી વધુ જળસંગ્રહ હોવાના આંકડા સામે આવ્યા છે, જ્યારે ગુજરાતની જીવાદોરી કહેવતો સરદાર સરોવર ડેમમાં હાલ ૫૨%થી વધુનો જળસંગ્રહ છેસૌરાષ્ટ્રના ત્રણ જળાશયો વાગડીયા, વાંસલ અને સસોઈ-૨ સંપૂર્ણ રીતે છલકાતા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાકથી વરસી રહેલા વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૨ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવર માં હાલમાં ૦૧,૭૫,૬૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૨.૫૮ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૦૧,૯૧,૬૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૪.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. નોંધનીય છે કે, જળ સંપતિ વિભાગના અહેવાલમાં આ માહિતી જાહેર કરવામાં આવી છે. જો કે, રાજ્યના કુલ સાત જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોનહ્લગ આપવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-૨ તથા જામનગરના ફુલઝર(કે.બી.) ડેમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૪૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ માં ૩.૨૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૭.૭૮ ટકા, કચ્છના ૨૦ માં ૨૨.૬૭ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૭.૭૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. ગત વર્ષે એટલે કે, વર્ષ ૨૦૨૩ની વાત કરવામાં આવે તો ત્યારે આજના દિવસે ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૬૦.૧૪ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ માં ૩૩.૬૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ માં ૪૦.૬૬ ટકા, કચ્છના ૨૦ માં ૬૩.૮૫ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો હતો.

### શ્રાવણ મહિનામાં દેશભરમાં

## ઘર આંગણે સ્પીડ પોસ્ટ દ્વારા શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ મેળવો : પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



અમદાવાદ, તા. ૧૮

આ વર્ષે ૨૨મી જુલાઈથી શ્રાવણનો પવિત્ર માસ શરૂ થઈ રહ્યો છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તે ભગવાન શિવના જ્યોર્તિલિંગના દર્શન કરી શકે અને તેમના આશીર્વાદ મેળવી શકે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રી કાશી વિશ્વનાથ કોરિડોરના ઉદ્ઘાટન બાદ શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો ગુજરાત સહિત દેશના કોઈપણ ખૂણામાં ઘરે બેસીને શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ તેમના ઘરે બેઠા મેળવી શકે છે. શ્રાવણ મહિનામાં આ માટે ટપાલ વિભાગે ખાસ વ્યવસ્થા કરી છે. ઉપરોક્ત માહિતી અમદાવાદ રિજિયનના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી હતી, જેમની તાજેતરમાં વારાણસી થી અહીં બદલી થઈ છે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પોસ્ટ વિભાગ અને શ્રી કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટ વચ્ચે થયેલા કરાર હેઠળ, દેશના કોઈપણ ખૂણામાં રહેતા ભક્તો સ્પીડ પોસ્ટ દ્વારા શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાંથી પ્રસાદ મંગાવી શકે છે. આ સેવાનો લાભ લેવા માટે, ? ૨૫૧ નો ઈ-મની ઓર્ડર નજીકની પોસ્ટ ઓફિસમાંથી સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોસ્ટ ઑફિસ,વારાણસી (પૂર્વ) વિભાગ-૨૨૧૦૦૧ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળતાની સાથે જ સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ તરત જ સરનામે મોકલવામાં આવશે. પેકેજ્ડ પ્રસાદ ટેમ્પર પ્રૂફ એન્વલપમાં હશે, જેના પર વારાણસીના ઘાટ પર જારી કરાયેલ ટપાલ ટિકિટની પ્રતિકૃતિ અંકિત છે. તેમાં કોઈપણ રીતે ચેડા થઈ શકે નહીં. શ્રી કાશી વિશ્વનાથ પ્રસાદની સામગ્રી બાબતે પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોર્તિલિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, રૂદ્રાક્ષની ૧૦૮ માળા, માતા અન્નપૂર્ણા, ભભૂતિ, રક્ષા સૂત્ર, ભોલે બાબાની છબી કોતરવામાં આવેલ સિક્કો શામેલ છે. ડ્રાય ફ્રૂટ્સ, મિશ્રી પેકેટ વગેરે. પ્રસાદ ડ્રાય હોવાથી તેનો લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે ટપાલ વિભાગે એવી વ્યવસ્થા પણ કરી છે કે ભક્તોને એસએમએસ દ્વારા મોબાઈલ નંબર પર સ્પીડ પોસ્ટની વિગતો મળી શકે. આ માટે ઈ-મની ઓર્ડરમાં તેમનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

### ફળ પાક વાવેતર યોજનાઓમાં સહાય લેવા માટે બાગાયતી ખેડુતો માટે સુવર્ણ તક

## વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતાની ફળપાક વાવેતરની યોજનાઓ અંતર્ગત ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું




ગાંધીનગર, તા. ૧૮

બાગાયત ખાતા દ્વારા ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવા વર્ષ ૨૦૨૪-૨૫માં **"GROW MORE FRUIT CROP"** ઝુંબેશ હાથ ધરવામા આવેલ છે. જેને ધ્યાને લેતા ખેડૂતો માટે તા.૧૬/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૦૮/૨૦૨૪ સુધી આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવેલ છે. જેમાં આંબા તથા જામફળ - ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ, ફળપાક પ્લાન્ટીગ મટીરીયલમાં સહાય, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો-આંબા, જામફળ, દાડમ, લીંબુ, વધુ ખેતી ખર્ચવાળા ફળ પાકો સિવાયના ફળપાકો, કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ) ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ,પપૈયા, સરગવાની ખેતીમાં સહાય વગેરેને આવરી લેવામાં આવ્યા છે.

આ લાભ લેવા ખેડૂતોએ **ikhedut.gujarat.gov.in** વેબસાઈટ પર તા.૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં નજીકના ગામના ઈ-ગ્રામ સેન્ટર, સાયબર કાફે અથવા પોતાના કોમ્પ્યુટર પર જમીનના ૮-અ, આધાર કાર્ડ,જાતિનો દાખલો (જો લાગુ પડતો હોય તો) અને બેન્ક ખાતાની વિગતો સાથે અરજી કરી શકશે.અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ સાથે અરજીમાં દર્શાવેલ દસ્તાવેજોને દિન-૭માં રૂબરૂ અથવા પોસ્ટ મારફતે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ,પાંચમો માળ, સી - બ્લોક,પથિકાશ્રમની બાજુમાં,સેકટર ૧૧, ગાંધીનગર - ૩૮૨010 ખાતે મોકલી આપવાની રહેશે. જરૂરી સાધનિક કાગળો વિનાની તેમજ નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી તેમ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયુ છે.આ અંગે વધુ માહિતી માટે ફોન નંબર-૦૭૯-૨૩૨-૫૭૭૬૦ પર સંપર્ક કરી શકાશે.

## યુક્રેનના બોમ્બમારામાં બચનારને સુરતના ડમ્પરે કચડ્યો

### યુક્રેનમાં ચાલતા રશિયાના બોમ્બમારા વચ્ચે બચી ગયેલો વિદ્યાર્થી ત્યાં એમબીબીએસ પૂરૂં કરીને સુરત પરત ફર્યો હતો

સુરત, તા.૧૮

મોત ક્યારે કોને આંબી જાય તેનું કશું કહી ન શકાય. યુક્રેનમાં ચાલતા રશિયાના બોમ્બમારા વચ્ચે બચી ગયેલો વિદ્યાર્થી ત્યાં એમબીબીએસ પૂરું કરીને સુરત પરત ફર્યો હતો, પણ સુરતના બેફામ ચાલતા ડમ્પરે તેને કચડી નાખ્યો હતો. સુરતમાં વેડ રોડ અંબાજી ચોક વિસ્તારમાં યુક્રેનથી સ્મ્મ્જી પૂર્ણ કરી આવેલા વિદ્યાર્થીને ડમ્પરચાલકે અડફેટે લઈ કચડી નાખતા તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. બીજી તરફ પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી ગુનો નોંધ્યો છે. જ્યારે વિદ્યાર્થીના ભાઈએ જણાવ્યું હતું કે અમારા પર આભ ફાટ્યું છે.

મળતી માહિતી મુજબ, મૂળ જૂનાગઢના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલી સંત જલારામ સોસાયટીમાં જશુભાઈ નારીગ્રા પરિવાર સાથે રહે છે અને હાલ નિવૃત્ત જીવન વિતાવે છે. જશુભાઈને સંતાનમાં બે પુત્ર છે. જે પૈકી ૨૪ વર્ષીય વિવેક હાલ યુક્રેનથી સ્મ્મ્જીનો અભ્યાસ પૂર્ણ કરીને સુરત પરત આવ્યો હતો. વિવેક શુક્રવારે સવારે ટુ-વ્હીલર પર વેડ રોડથી નીકળી અંબાજી મંદિર પાસેથી પસાર થતો હતો, ત્યારે ડમ્પર બેફામ ચલાવી રહેલા ચાલકે ટુ-વ્હીલરને પાછળથી ટક્કર મારી હતી. જેને પગલે વિવેકને ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક સારવાર માટે વિવેકને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું ગંભીર ઈજાને પગલે ટૂંકી સારવાર બાદ નિધન થયું હતું. મૃતક વિવેકના ભાઈ તુષારે જણાવ્યું હતું કે, મારો ભાઈ થોડા દિવસ પહેલાં જ યુક્રેનથી સ્મ્મ્જીનો અભ્યાસ પૂર્ણ કરી પરત ફર્યો હતો. હવે તે આગળની તૈયારી કરી રહ્યો હતો. દરમિયાન ગત શુક્રવારે લાઈબ્રેરીથી પરત આવી રહ્યો હતો. ત્યારે રસ્તામાં જ આ બનાવ બની ગયો હતો. અમારા પર તો આભ તૂટી પડ્યું છે. વિવેકના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

### વિસ્ફોટકોનો ઉપયોગ કરીને બસોને આગ લગાડી

## બસો સળગાવી, રસ્તા રોક્યા, હિંસક વિરોધમાં ૬ના મોત

### સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં અહીં હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૮

બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. અનામત નાબૂદીની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી રહ્યા છે. અનામત સામે ચાલી રહેલા આ વિરોધે હવે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. પોલીસ સાથેની અથડામણમાં ૬ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૧૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે ઢાકા સહિત બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં સ્કૂલ, કોલેજ અને મદરેસાઓ બંધ કરવી પડી છે.વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથેની અથડામણમાં અત્યાર સુધીમાં જે છ લોકોના મોત થયા છે તેમાં ઢાકા, ચિત્તાગોંગ અને ઉત્તર પશ્ચિમ રંગપુરના દેખાવકારોનો સમાવેશ થાય છે. તેમની વચ્ચે ૩ વિદ્યાર્થીઓ છે. અનામત સામેના મોટા ભાગના આંદોલનો યુનિવર્સિટી કેમ્પસમાં થઈ રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીની આસપાસ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સાવચેતીના પગલા તરીકે, અર્ધલશ્કરી દળ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) ના જવાનોને પણ ચાર મોટા શહેરોમાં તૈનાત કરવામાં આવ્યા છે.બાંગ્લાદેશના અલગ-અલગ શહેરોમાં ચાલી રહેલી હિંસાને કારણે ભીડભાડવાળી જગ્યાઓ પર પણ મૌન છે. એક દિવસ અગાઉ, અજાણ્યા વિરોધીઓએ મોલોટોવ કોકટેલ વિસ્ફોટકોનો ઉપયોગ કરીને બસોને આગ લગાડી હતી. ઘણા શહેરોમાં હિંસાના છૂટાછવાયા બનાવો પણ નોંધાયા હતા. બાંગ્લાદેશના શિક્ષણ મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ શાળાઓ, કોલેજો, મદરેસાઓ અને પોલિટેકનિક સંસ્થાઓને બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે.' વાસ્તવમાં, બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ કહે છે કે વર્તમાન આરક્ષણ પ્રણાલી મોટાભાગે સરકારી સેવાઓમાં હોશિયાર વિદ્યાર્થીઓની નોંધણીને અટકાવી રહી છે.

## હુમલા બાદ પ્રથમ વખત જોવા મળ્યા ડોનાલ્ડ ટ્રંપ



ન્યુયોર્ક તા. ૧૮

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ પર એક ચૂંટણી રેલી દરમિયાન હુમલો થયો હતો. આ હુમલામાં તેઓ માંડ-માંડ બચ્યા છે અને ગોળી તેમના કાનને અડીને નિકળી ગઈ હતી. આ હુમલા બાદ તેમના કાનમાંથી લોહી નિકળ્યું હતું. આ હુમલા બાદ તેઓ પ્રથમ વખત કાન પર પટ્ટી બાંધીને જોવા મળ્યા હતા. ટ્રંપનો કાન પટ્ટીથી કવર કરવામાં આવ્યો છે. તેનાથી અંદાજ લગાવી શકાય છે કે ટ્રંપના કાનમાં જોરદાર ઈજા થઈ છે. કાન પર પટ્ટી બાંધી રિપબ્લિકન નેશનલ કન્વેંશન (ઈદ્રઝ) પહોંચ્યા હતા. ડોનાલ્ડ ટ્રંપની આ તસવીર જોરદાર વાયરલ થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે પેન્સિલવેનિયામાં એક પ્રચાર રેલીમાં તેમના પર થયેલા જીવલેણ હુમલા બાદ મને લાગ્યું કે મારુ "મૃત્યુ નક્કી હતુ" તેમજ તેમણે આ ઘટનાને "વિચિત્ર અનુભવ" ગણાવ્યો છે. આ ઘટના પછીના તેમના પ્રથમ ઈન્ટરવ્યુમાં ૭૮ વર્ષીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ રૂઢિવાદી અમેરિકી મીડિયાને જણાવ્યું હતું કે તેઓ માને છે કે તે "ભાગ્ય અથવા ભગવાન" ની કૃપાથી બચી ગયા છે. 'ન્યૂયોર્ક પોસ્ટ' સાથે વાત કરતા ભૂતપૂર્વ યુએસ પ્રમુખે કહ્યું, "મારા વિશે એવું માનવામાં આવતું હતું કે હું અહીં નહી હોઈશ, મારું મૃત્યુ નિશ્ચિત હતું. " ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે પેન્સિલવેનિયામાં એક પ્રચાર રેલીમાં તેમના પર થયેલા જીવલેણ હુમલા બાદ મને લાગ્યું કે મારુ "મૃત્યુ નક્કી હતુ" તેમજ તેમણે આ ઘટનાને "વિચિત્ર અનુભવ" ગણાવ્યો છે. આ ઘટના પછીના તેમના પ્રથમ ઈન્ટરવ્યુમાં ૭૮ વર્ષીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ રૂઢિવાદી અમેરિકી મીડિયાને જણાવ્યું હતું કે તેઓ માને છે કે તે "ભાગ્ય અથવા ભગવાન" ની કૃપાથી બચી ગયા છે. 'ન્યૂયોર્ક પોસ્ટ' સાથે વાત કરતા ભૂતપૂર્વ યુએસ પ્રમુખે કહ્યું, "મારા વિશે એવું માનવામાં આવતું હતું કે હું અહીં નહી હોઈશ, મારું મૃત્યુ નિશ્ચિત હતું. "

ડોનાલ્ડ ટ્રમ્પ પર હુમલા બાદ સીક્રેટ સર્વિસે નિવેદન જાહેર કરી જણાવ્યું હતુ કે શૂટરને ઠાર મારવામાં આવ્યો છે, જેની ઓળખ ૨૦ વર્ષના થોમસ મેથ્યુ ક્રૂક્સ તરીકે થઈ હતી. ટ્રમ્પ પર ગોળી ચલાવ્યા બાદ સ્નાઈપર્સ તરત જ એક્શનમાં આવી ગયા અને તરત જ હુમલાખોર થોમસને ઘટનાસ્થળે જ ઠાર કરી દીધો હતો. થોમસ મેથ્યુ ક્રૂક્સ ના હુમલામાં ડોનાલ્ડ ટ્રમ્પના કાનને અડીને ગોળી નીકળી ગઈ હતી અને પાછળ ઊભેલા તેમના એક સમર્થકને વાગી હતી, જેમાં તેનું મૃત્યુ થયું. ડોનાલ્ડ ટ્રમ્પ પર તે સમયે હુમલો થયો, જ્યારે તે પેન્સિલવેનિયામાં રેલી કરી રહ્યા હતા. આ દરમિયાન એક પછી એક અનેક ગોળીઓ ચાલી, પરંતુ સીક્રેટ સર્વિસ એજન્ટ્સ તરત જ પૂર્વ રાષ્ટ્રપતિને રેલી મંચ પરથી ઉતારીને લઈ ગયા. હુમલા બાદ ટ્રમ્પને તેમના જમણા કાન પર હાથ રાખેલા જોવામાં આવ્યા અને તેમના કાનમાંથી લોહી નીકળી રહ્યું હતું. પેન્સિલ્વેનિયાની રેલીમાં ગોળીબારી બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'મને તરત જ ખબર પડી ગઈ હતી કે કંઈક ખોટું થયું છે, કારણ કે મેં એક તીવ્ર અવાજ સાંભળ્યો, ગોળીઓ ચાલી અને તરત જ અનુભવ્યું કે ગોળી મારા કાનની ત્વચાને ચીરીને નીકળી ગઈ છે.' તેમણે આગળ કહ્યું, 'આ આઘાતજનક છે કે આપણા દેશમાં આવી ઘટના બની શકે છે.'

## મુખ્ય મંડીઓમાં ચણા, તુવેર અને અડદના ભાવમાં છેલ્લા એક મહિનામાં ૪% જેટલો ઘટાડો થયો



નવી દિલ્હી, તા. ૧૮

કન્ઝ્યુમર અફેર્સ વિભાગે રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (RAI) સાથે એક બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં કઠોળના સંદર્ભમાં ભાવની સ્થિતિ અને લાઈસન્સની આવશ્યકતાઓ, સ્ટોક મર્યાદાઓ અને હલનચલન પ્રતિબંધોને દૂર કરવામાં નિર્ધારિત તુવેર અને ચણાની સ્ટોક મર્યાદાના પાલન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ૨૧.૦૬.૨૦૨૪ અને ૧૧.૦૭.૨૦૨૪ના નિર્દિષ્ટ ખાદ્ય પદાર્થો (પ્રથમ અને બીજા સુધારા) ઓર્ડર, ૨૦૨૪ પર આ બેઠકની અધ્યક્ષતા ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગના સચિવ શ્રીમતી ડો. નિધિ ખરેએ કરી હતી.

**RAI** પાસે ૨૩૦૦+ સભ્યો છે અને દેશમાં લગભગ ૬,૦૦,૦૦૦+ આઉટલેટ્સ છે.

સચિવે માહિતી આપી હતી કે છેલ્લા એક મહિનામાં મુખ્ય મંડીઓમાં ચણા, તુવેર અને અડદના ભાવમાં ૪% સુધીનો ઘટાડો થયો છે, પરંતુ છૂટક ભાવમાં સમાન ઘટાડો જોવા મળ્યો નથી. તેણીએ જથ્થાબંધ મંડી કિંમતો અને છૂટક કિંમતો વચ્ચેના વિચલન તરફ ધ્યાન દોર્યું, જે સૂચવે છે કે છૂટક વેપારીઓ વધુ નફાનું માર્જિન મેળવી રહ્યા છે.

તેણીએ એ પણ નિર્દેશ કર્યો કે ખરીફ કઠોળ માટે વાવણીની પ્રગતિ મજબૂત છે. સરકારે મુખ્ય ખરીફ કઠોળ ઉત્પાદક રાજ્યોમાં તુવેર અને અડદના ઉત્પાદનમાં વધારો કરવા માટે અસંખ્ય પ્રયાસો હાથ ધર્યા છે, જેમાં નાફેડ અને એનસીસીએફ દ્વારા ખેડૂતોને સારી ગુણવત્તાના બિયારણનું વિતરણ પણ સામેલ છે અને કૃષિ વિભાગ રાજ્યના કૃષિ વિભાગો સાથે જરૂરી સમર્થન આપવા સતત જોડાણમાં છે.

વર્તમાન ભાવની સ્થિતિ અને ખરીફ આઉટલૂકને ધ્યાનમાં રાખીને સેક્રેટરીએ રિટેલ ઉદ્યોગને દાળના ભાવ ગ્રાહકોને પોષણક્ષમ રાખવાના તેના પ્રયાસોમાં સરકારને તમામ શક્ય સહયોગ આપવા જણાવ્યું હતું. તેણીએ માહિતી આપી હતી કે નિર્ધારિત મર્યાદાનો ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે મોટા ચેઈન રિટેલર્સ સહિત તમામ સ્ટોક હોલ્ડિંગ એકમોની સ્ટોક પોઝિશન પર નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે. સ્ટોક મર્યાદાનો ભંગ, અનૈતિક સટ્ટાખોરી અને બજારના ખેલાડીઓ તરફથી નફાખોરી સરકાર તરફથી કડક પગલાંને આમંત્રણ આપશે.છૂટક ઉદ્યોગના સહભાગીઓએ ખાતરી આપી હતી કે તેઓ તેમના છૂટક માર્જિનમાં જરૂરી ગોઠવણો કરશે અને ગ્રાહકોને પોષણક્ષમ ભાવે કિંમતોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે નજીવા સ્તરે જાળવી રાખશે. આ બેઠકમાં **RAI**, રીલાયન્સ રિટેલ, ડી માર્ટ, ટાટા સ્ટોર્સ, સ્પેન્સર્સ, આરએસપીજી, વી માર્ટ સહિતના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

# રેલવે સુરક્ષા બળે છેલ્લા ૭ વર્ષ દરમ્યાન 'ઓપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૮

છેલ્લા સાત વર્ષથી રેલવે સુરક્ષા બળ(આરપીએફ) 'નન્હે ફરિશ્તે' નામના ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યું છે. આ એક મિશન છે જે ભારતીય રેલવે ઝોનોમાં પીડિત બાળકોને બચાવવા માટે સમર્પિત છે. છેલ્લા સાત વર્ષ (૨૦૧૮-મે ૨૦૨૪) દરમિયાન, આરપીએફએ સ્ટેશનો અને ટ્રેનોમાં જોખમમાં અથવા જોખમમાં રહેલા ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા છે. 'નન્હે ફરિશ્તે' માત્ર એક ઓપરેશન કરતાં પણ વધુ છે તે હજારો બાળકો માટે એક જીવનરેખા છે જેઓ પોતાને અનિશ્ચિત સંજોગોમાં શોધે છે. ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીનો ડેટા અતૂટ સમર્પણ, અનુકૂલનશીલતા અને સંઘર્ષ ક્ષમતાની વાર્તા દર્શાવે છે. દરેક બચાવ એ સમાજના સૌથી અસુરક્ષિત સદસ્યોની સુરક્ષા માટે RPFની પ્રતિબદ્ધતાનું એક પ્રમાણ છે. વર્ષ ૨૦૧૮માં 'ઓપરેશન નન્હે ફરિશ્તે'ની મહત્વપૂર્ણ શરૂઆત થઈ. આ વર્ષે, આરપીએફએ કુલ ૧૭,૧૧૨ બાળ પીડિતોને બચાવ્યા. જેમાં બાળકો અને બાળકીઓ બંને શામિલ હતા. બચાવી લેવામાં આવેલા ૧૭,૧૧૨ બાળકોમાંથી ૧૩,૧૮૭ની ઓળખ ભાગેડુ બાળકો તરીકે કરવામાં આવી હતી, ૨૧૦૫ ગુમ થયા હતા, ૧૦૯૧ છૂટા પડ્યા હતા, ૪૦૦ બાળકો નિરાધાર, ૮૭ અપહરણ, ૭૮ માનસિક રીતે અશક્ત અને ૧૩૧ બેઘર બાળકો હોવાનું જાણવા મળ્યું હતું. વર્ષ ૨૦૧૮ માં જે આવી પેહેલની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરતા ઓપરેશન માટે એક મજબૂત પાયો રખાયો હતો. વર્ષ ૨૦૧૯ દરમ્યાન આરપીએફના પ્રયાસો સતત સફળ રહ્યા હતા અને બાળકો અને બાળકીઓ બંને સહિત કુલ ૧૫,૯૩૨ બાળકોને બચાવી લેવામાં આવ્યા હતા. બચાવી લેવાયેલા ૧૫,૯૩૨ બાળકોમાંથી ૧૨,૭૦૮ ભાગેડુ હતા, ૧૪૫૪ ગુમ, ૧૦૩૬ અલગ થયેલા, ૩૫૦ નિરાધાર, ૫૬ અપહરણ, ૧૨૩ માનસિક રીતે અસ્વસ્થ અને ૧૭૧ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા. વર્ષ ૨૦૨૦ કોવિડ મહામારીને કારણે પડકારજનક હતું, જેણે સામાન્ય જીવનને ખોરવ્યું હતું અને કામગીરીને નોંધપાત્ર રીતે અસર કરી હતી. આ પડકારો છતાં, RPF ૫,૦૧૧ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું. વર્ષ ૨૦૨૧ દરમ્યાન આરપીએફ એ તેની બચાવ કામગીરીમાં પુનરૂત્થાન જોયું, જેનાથી ૧૧,૯૦૭ બાળકોને બચાવ્યા હતા. આ વર્ષે શોધાયેલ અને સરંક્ષિત કરવામાં આવેલ બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જેમાં ૯૬૦૧ બાળકો ભાગેડુ તરીકે ઓળખાયા, ૯૬૧ ગુમ થયા રૂપમાં, ૬૪૮ અલગ થયેલા, ૩૭૦ નિરાધાર, ૭૮ અપહરણ, ૮૨ માનસિક રૂપથી વિકલાંગ અને ૧૨૩ બેઘર બાળકો તરીકે ઓળખાયા હતા. વર્ષ ૨૦૨૩ દરમ્યાન આરપીએફ ૧૧,૭૯૪ બાળકોને બચાવવામાં સફળ રહ્યું હતું. તેમાંથી ૮૯૧૬ બાળકો ઘરેથી ભાગેડુ હતા, ૯૮૬ ગુમ થયા હતા, ૧૦૫૫ અલગ થયા હતા, ૨૩૬ નિરાધાર હતા, ૧૫૬ અપહરણ થયા હતા, ૧૧૨ માનસિક રૂપથી વિકલાંગ હતા અને ૨૩૭ બેઘર બાળકો હતા. આરપીએફએ આ અસુરક્ષિત બાળકોની સુરક્ષા અને સારી કાળજી લેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં આરપીએફએ ૪,૬૦૭ બાળકોને બચાવ્યા છે. જેમાં ૩૪૩૦ ઘરેથી ભાગેડુ બાળકોને બચાવી લેવામાં આવ્યા છે, પ્રારંભિક વલણો ઓપરેશન 'નન્હે ફરિશ્તે' માટે સતત પ્રતિબદ્ધતાની સાક્ષી આપે છે. આ સંખ્યાઓ બાળકો ભાગી જવાની સતત સમસ્યા અને તેમના માતા-પિતા પાસે સુરક્ષિત રીતે પરત કરવાના આરપીએફના દ્વારા કરેલ પ્રયાસો બંને દર્શાવે છે. આરપીએફએ તેના પ્રયત્નો દ્વારા ન માત્ર બાળકોને બચાવ્યા છે, બલકે ઘરેથી ભાગેડુ અને ગુમ થયેલા બાળકોની દુર્દશા વિશે પણ જાગૃતિ વધારી છે, જે આગળની કાર્યવાહી અને વિવિધ હિતધારકોનું સમર્થન મળ્યું. આરપીએફના ઓપરેશન ના દાયરાઓ સતત વધી રહ્યા છે, દરરોજ નવા પડકારોનો સામનો કરીને ભારતના વિશાળ રેલવે નેટવર્કમાં બાળકો માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા માટે કરી રહ્યા છે. ટ્રેક ચાઈલ્ડ પોર્ટલ પર બાળકો વિશે સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. ૧૩૫ થી વધુ રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પડેસ્ક ઉપલબ્ધ છે. આરપીએફ બચાવેલા બાળકોને જિલ્લા બાળ કલ્યાણ સમિતિને સોંપે છે. જિલ્લા બાળ કલ્યાણ સમિતિ બાળકોને તેમના માતાપિતાને સોંપે છે.

# ગીર સોમનાથ સેવા સદનની કચેરીના પટાંગણમાં ૫ હજાર ચોમી જગ્યામાં મિયાં મિયાંવાકી ગાર્ડન

**ગાર્ડનમાં ૧૨ હજાર વૃક્ષોનું વાવેતર થશે જેમાં પ્રથમ વૃક્ષારોપણ પોતાના જન્મદિવસ નિમિતે જીલ્લા કલેકટર જાડેજા દ્વારા કરવામાં આવ્યું : 'એક પેડ મા કે નામ' કેમ્પઈન અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો**





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

દેશભરમાં વૃક્ષારોપણને વેગ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 'એક પેડ માં કે નામ' માં અભિયાનની શરૂઆત કરાવી છે. ત્યારે આ અભિયાનમાં ગીર સોમનાથના જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં જીલ્લો પણ સહભાગી બનવા આયોજન કરાયુ છે. જેમાં જીલ્લા સેવા સદન કચેરીના પટાંગણમાં જ ૫ હજાર ચોમી જેટલી વિશાળ જગ્યામાં મિયાંવાકી ગાર્ડન બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના માટે જીલ્લા સેવા સદન ખાતે 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અભિયાન અંતર્ગત ૧૨ હજાર જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવશે. જીલ્લા સેવા સદનના પટાંગણમાં તૈયાર થનાર ગાર્ડનમાં પ્રથમ વૃક્ષારોપણ ગઈકાલે પોતાનો જન્મદિવસ હોવાથી ખુદ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ પરીવારજનો સાથે કર્યુ હતુ. આ કાર્યક્રમને સંબોધતા કલેકટર જાડેજાએ જણાવેલ કે, આપણે સૌ વૃક્ષોનું જતન કરીશું તો જ ભવિષ્યમાં આવનાર પેઢીને મીઠા ફળ મળશે અને ગ્લોબલ વોર્મિંગ સામે લડી શકીશું. સરકાર વૃક્ષારોપણ માટે અઢળક પ્રયત્નો કરી રહી છે ત્યારે આ પ્રયાસમાં પ્રજાજનોની ભાગીદારીથી જ ધાર્યુ પરિણામ મળી શકશે. આપણા જીલ્લાને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે 'હરિયાળું ગીર સોમનાથ' કેમ્પેઈન અંતર્ગત ૨ હજાર અને આગાખાન એજન્સી ફોર હેબિટાટના સહયોગથી ૧૦ હજાર મળી કુલ ૧૨ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. આ વૃક્ષોનું જતન અને માવજત સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવશે. જીલ્લાની કચેરીના પટાંગણમાં અધિકારીઓ અને જનપ્રતિનિધિઓના સહયોગથી ૫ હજાર ચોરસ મીટર જગ્યાનો સદુપયોગ કરીને સુંદર મિયાંવાકી ગાર્ડન તૈયાર કરવામાં આવશે. આ તકે આગાખાન એજન્સીના મેનેજર અનિષભાઈ ભાભાણી અને સદભાવના ટ્રસ્ટના પ્રતિનિધિ વિમલભાઈને શાલ ઓઢાડી પ્રમાણપત્ર આપી સન્માન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં પ્રમુખ પલ્લવીબેન જાની, ડીડીઓ સ્નેહલ ભાપકર, અધિક કલેકટર રાજેશ આલ, પ્રાંત અધિકારી વિનોદ જોશી, જીએચસીએલ, ઈન્ડિયન રેયોનના પ્રતિનિધિઓ તેમજ વૃક્ષો દત્તક લેનાર નાગરિકો સહભાગી થયાં હતા.

# વેરાવળ સિવિલ હોસ્પીટલ ખાતેથી અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને 'દિવ્યાંગ પ્રમાણપત્ર' વિતરણ કરાયા






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

ગીર સોમનાથ કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકો માટે 'દિવ્યાંગતા પ્રમાણપત્ર' સરળતાથી નીકળી શકે તે માટે વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને દિવ્યાંગતા પ્રમાણપત્ર કાર્યક્રમ યોજાયો હતો. આ તકે કલેક્ટરએ દિવ્યાંગ બાળકો તેમજ વાલીઓ સાથે વાત્સલ્યપૂર્ણ ભાવ સાથે ગોષ્ઠી કરીને શારીરિક ચકાસણી દરમ્યાન અન્ય કોઈ સારવારની આવશ્યકતા, થેરાપીની જરૂરીયાત અને નિયમિત ફોલોઅપ વિષયમાં પડતી કોઈપણ અગવડતાઓ અને મુશ્કેલીઓ હોય તો વાલીઓને નિઃસંકોચ સત્વરે સિવિલના સ્ટાફની મદદ લેવા માટે અનુરોધ કર્યો હતો. સિવિલ હોસ્પિટલ ખાતે હેલ્થ વિભાગના ડોકટરો દ્વારા દિવ્યાંગ બાળકોને જરૂરી શારીરિક તપાસ કરી, દિવ્યાંગ ટકાવારીની ખાત્રી કરાવી, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સ્થળ પર જ ઓનલાઈન પ્રમાણપત્ર જનરેટ કરવામાં આવ્યા હતા. જીલ્લાની શાળાઓમાં આચાર્ય મારફતે ભણતા દિવ્યાંગ બાળકોની યાદી તૈયાર કરાવડાવી પહેલા તબક્કામાં કુલ-૫૩ દિવ્યાંગ બાળકોને 'દિવ્યાંગ પ્રમાણપત્ર' આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત જે-તે તાલુકાના વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ બાળકો તથા તેમના વાલીઓને સિવિલ હોસ્પિટલ, વેરાવળ ખાતે પહોંચાડવાની વાહન વ્યવસ્થા તેમજ દિવ્યાંગ બાળકો તથા ચા, નાસ્તા, ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કલેકટરની મુલાકાત દરમ્યાન અધિક કલેકટર રાજેશ આલ, મુખ્ય આરોગ્ય અધિકારી ડો.અરૂણ રોય સહિત સિવિલ હોસ્પિટલ અને સમાજ કલ્યાણ વિભાગના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ ખાતે વાનરરૂપ ધારીત માનવને નિહાળવા યાત્રિકોમાં આકર્ષણ



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૮

સોમનાથ મંદિર પાસે વાનરરૂપ ધારીત માનવ નિહાળવા યાત્રિકોમાં અનેરૂં આકર્ષણ રહ્યું હતું.

વાનરરૂપધારી બહુરૂપી ૩૧ વર્ષીય સુરેશ વ્રજલાલ રાઠોડ કહે છે કે, હું આજથી દશ વર્ષ પહેલા રાજકોટના રૈયા રોડ ઉપર ઝુલા ઉપર બેસી કલરકામ કરતો હતો અને અચાનક ઝુલો તુટી પડયો અને મારા માથા અને પગમાં ઈજાઓ થઈ. માથાના ભાગે ૨૮ ટાંકા આવ્યા અને ત્યારથી મારો પગ ઓછું કામ કરતો થયો જેની વેદના આજેય પણ થતી રહે છે.

માથાની ઈજાને કારણે જીવન તો બચ્યું પણ આજેય પણ હું કદી ઉંચુ જોઈ શકતો નથી. રાત્રે પગ અને માથામાં દુઃખાવો થતો જ રહે છે. ''રૂક જાના નહીં, કહીં તુ હાર કે''એમ પછી મે બહુરૂપીનો વ્યવસાય શરૂ કર્યો હતો. જેમાં લયલા મજનુ, આદીવાસી ભીલ, પાગલ, નારદમુનિ, મહાદેવ સહિતના વિવિધ પાત્રો ધારણ કરી ગામે ગામ, મેળાઓમાં, મંદિર આસપાસ મારી કલાથી પાત્રોને જીવંત કરૂ છુ. લોકો મારી સાથે સેલ્ફી પડાવે છે પણ પૈસાની એટલી બધી આવક થતી નથી.

મારો હેતુ લોકોને મનોરંજન કરાવવાનો અને પ્રાચીત વિભુતીઓથી અવગત કરવાનો છે. આથી ભલે પૈસા મળે ન મળે પણ મારૂ દુઃખ તો હળવું થાય છે જ. જો હું રીપેરીંગ ઝુલા ઉપરથી પડયો ન હોત તો મારૂ જીવન સારૂ વીતાવી શકતા કંઈ નહી.

યું જીંદગી કી રાહ મેં મજબુર હો ગયે..!

આમ વેદના મજબુરીને મેં કલામાં પલટાવી જીંદગી વીતાવું છું.

# ગ્રીન ખંભાળિયા ઝુંબેશ સફળતાના આરે જામનગરની હોસ્પિટલનું નોંધપાત્ર અનુદાન





**અગ્રણી બિલ્ડર કમલેશભાઈ દ્વારા ૫૧ વૃક્ષો દત્તક લેવાયા**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં ગ્લોબલ વોર્મિંગ સામે રક્ષણ મળી રહે તેમજ વૃક્ષોની વનરાજી સર્જાય તે હેતુથી સ્થાપવામાં આવેલી ગ્રીન ખંભાળિયા સંસ્થાના કાર્યકરો દ્વારા અવિરત રીતે સહમત ઉઠાવીને અહીં ૨૦૦૦ વૃક્ષો વાવવા માટેનો શ્રમયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. જે હાલ મહદ અંશે સફળ થઈ રહ્યો છે. ખંભાળિયામાં તાજેતરમાં યોજાયેલી આઈ.એમ.એ.ની મિટિંગમાં ડો. એચ.એન. પડીયાના વડપણ હેઠળ ચાલી રહેલી આ ઝુંબેશને આવકારી, જામનગરની જાણીતી શ્રી આયુષ ઓશવાળ અને આયુષ સમર્પણ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના પ્રતિનિધિઓનું ખંભાળિયામાં આગમન થયું હતું અને આ અભિગમથી તેઓએ પ્રભાવિત થઈ, બંને સંસ્થાઓ દ્વારા કુલ ૧૦૦ વૃક્ષો દત્તક લેવાનું વિધિવત રીતે જાહેર કરવામાં આવ્યું છે. આમ, ખંભાળિયાના અભિયાનમાં જામનગરના આયુષ ઓશવાળ અને સમર્પણ ગ્રુપનો પણ નોંધપાત્ર સહયોગ સાંપળ્યો છે. ખંભાળિયાના અગ્રણી બિલ્ડર અને સેવા કાર્યોમાં તત્પર રહેતા કમલેશભાઈ વિઠલાણી દ્વારા પણ ગ્રીન ખંભાળિયા ગ્રુપ માટે ૫૧ વૃક્ષો દતક લેવાની જાહેરાત કરવામાં આવી હતી. અહીંની બંસી હોસ્પિટલના ડો. નિલેશભાઈ ચાવડા દ્વારા પણ ૫૧ વૃક્ષો વાવવા માટે જરૂરી સહયોગ આપવામાં આવશે. ગ્રીન ખંભાળિયા જૂથના કાર્યકરોએ તમામને આવકારીને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ખંભાળિયાની ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં ઘૂસ્યા ચામાચીડિયા : સેવા સંસ્થા દ્વારા રેસ્ક્યુ કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં ગત મોડીરાત્રે આઈ.સી.યુ. વિભાગમાં બે ચામાચીડિયા ઘૂસી આવ્યા હતા. આ અંગેની જાણ હોસ્પિટલના સંચાલકો દ્વારા અહીંની પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવતા સંસ્થાના સભ્યો હિરેનભાઈ ગોસાઈ, શેખરભાઈ, ક્રિશભાઈ અને વિશેષભાઈ દેસાણી તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને બંને ચામાચીડિયાને પકડીને સફળતાપૂર્વક બહાર કાઢ્યા હતા.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **નિરવ કમલ પટ્ટણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **નિરવ કમલભાઈ પટ્ટણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**નિરવ કમલભાઈ પટણી**

બ્લોક બી-૪૦૧, નોબલ પ્લેટીનીયમ એપાર્ટમેન્ટ,
રાયજીબાગ શેરી નં.૧૫, જૂનાગઢ - ૩૬૨૦૦૧


# કલ્યાણપુર તાલુકામાં વહેલી સવારે વરસાદી ઝાપટું

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મંગળવારે વરસી ગયેલા સાર્વત્રિક વરસાદ બાદ ગઈકાલે બુધવારે આખો દિવસ મેઘ વિરામ રહ્યો હતો. આજરોજ ગુરૂવારે કલ્યાણપુર તાલુકામાં ચઢતા પહોરે જોરદાર ઝાપટા વરસી તથા ૪ મી.મી. પાણી પડી ગયું હતું. જ્યારે જિલ્લાના અન્ય ભાગોમાં વાતાવરણ ચોખ્ખું રહ્યું હતું. જોકે ગરમી અને બફારા ભર્યો માહોલ હાલ યથાવત રહ્યો છે. દ્વારકા જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યો છે.

# શુક્રવારથી જયાપાર્વતી વ્રતનો પ્રારંભ

તારીખ ૧૯ જુલાઈ અષાઢ શુદ તેરસને શુક્રવારથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થશે. આ વ્રત પાંચ દિવસ રહેવાનું હોય છે. આ વ્રતમાં કુંવારી બહેનો પાંચ દિવસ મોળું જમીને વ્રત રહેશે.

આખો દિવસ મોળું જમવાનું હોય છે અને નિયમ પ્રમાણે એક ટાઈમ જ જમવાનું હોય છે. શુક્રવારે સવારના બહેનો શંકર પાર્વતીનું પૂજન કરશે સાથે વાવેલા જવારાનું પણ પૂજન કરશે. આવી રીતના પાંચ દિવસ સુધી બહેનો વ્રત રહેશે અને પૂજન કરશે અને આમ પાંચ વર્ષ સુધી વ્રત રહેવાનું હોય છે. પાંચ વર્ષ પૂરા થાય એટલે વ્રતનો ઉજવણું કરવાનું હોય છે. હાલના જમાના પ્રમાણે લગ્ન થાય ત્યાં સુધી પણ આ વ્રત રહી શકાય છે. બહેનો લગ્ન થાય ત્યાં સુધી આ વ્રત રહે છે અને સાસરે જઈ અને આ વ્રતનું ઉજવણું કરે છે. વ્રતના ઉજવણામાં પાંચ સૌભાગ્ય વતી બહેનોને ભોજન કરાવું અને સૌભાગ્યની વસ્તુ ભેટમાં આપવી. જયાં પાર્વતી વ્રતનું જાગરણ અષાઢ વદ બીજને મંગળવારની રાત્રે છે. આ દિવસે બહેનો આખી રાત જાગરણ કરશે. જ્યારે નાની બાળાઓના મોળાકત વ્રતનું જાગરણ રવિવારે ગુરૂપૂર્ણિમાના દિવસે છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

## ભૌતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.



| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી હિતેશભાઈ મુગટલાલ દવે શ્રીમતી પ્રીતિબેન હિતેશભાઈ દવે ૨૦૦૦૨૧૨૦૦૦૧૯૯૯ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે સર્વે નંબર ૧૮૪/૧, પ્લોટ નં. ૧૭, ૧૮, ફ્લેટ નંબર ૬, બીજો માળ, બિલ્ટ અપ એરિયા ૪૬.૮૬ ચો. મીટર, વિરાટ કોમ્પ્લેક્સ, ૮૦ ફૂટ રોડ, વેરાવળ, જિલ્લોઃ ગીર–સોમનાથ, ગુજરાત– ૩૬૨૨૬૬ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ રોડ અને ફ્લેટની બારી, પૂર્વઃ ફ્લેટ નંબર ૭ ની સામાન્ય દિવાલ, પશ્ચિમઃ અન્ય મિલકત, દક્ષિણઃ સામાન્ય માર્ગ અને સપાટ પ્રવેશ | ૩૦.૧૦.૨૦૨૩ | ૧૪.૦૭.૨૦૨૪ | ૩,૯,૦૮,૨૬૧.૧૦ (૩૦.૦૯.૨૦૨૩ના રોજ) |

સ્થળઃ ગીર-સોમનાથ
તારીખઃ ૧૮/૦૭/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# જૂનાગઢ શહેર જીલ્લામાં મહોરમનાં પર્વની શાંતિનાં સંદેશા સાથે ઉજવણી




જૂનાગઢ તા. ૧૮

સત્ય અને ન્યાય ખાતર તેમજ સમગ્ર માનવજાતનાં ભલા માટે પોતાનાં પ્રાણોની આહુતિ આપી દેનાર કરબલાનાં ૭૨ શહિદોની યાદમાં સમગ્ર વિશ્વમાં ગઈકાલે મહોરમ-આશુરા મનાવવામાં આવેલ જેમાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઠેર ઠેર તાજીયાનાં ઝુલુસ યોજવામાં આવ્યા હતાં. જેમાં શહિદોને અશ્રુભીની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. છેલ્લા ૧૪૦૦ વર્ષથી મહોરમ માસમાં શહિદોની યાદ મનાવવામાં આવે છે.

શહિદોની યાદમાં મુસ્લીમોનાં પવિત્ર તહેવાર મહોરમ નિમિત્તે છેલ્લા ૧૦ દિવસથી જૂનાગઢ શહેર જીલ્લામાં મહોરમ મનાવવામાં આવી રહેલ જેમાં ગત રાત્રે જૂનાગઢ શહેરમાં સેજ અને તાજીયાનું ભવ્ય ઝુલુસ નીકળ્યું હતું. જેમાં હજારો લોકો જોડાયા હતાં. ગત રાત્રીનાં નીકળેલું ઝુલુસ વહેલી સવારે વંથલી દરવાજા સ્થિત કરબલા ખાતે કોમી એકતા, ભાઈચારા અને વિશ્વ શાંતિનાં સંદેશા સાથે સંપન્ન થયું હતું. તાજીયાનાં સમગ્ર રૂટ પર ઠેર ઠેર કલાત્મક શબીલો, લાઈટીંગ તેમજ ન્યાઝ પ્રસાદની વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો હજારો લોકોએ લાભ લીધો હતો. જૂનાગઢ શહેરમાં નવાબી વખતની પરંપરા મુજબની સેજ ત્યારબાદ હઝરત ઝમીયલશા દાતારનો તાજીયો અને ત્યારબાદ શહેરનાં વિવિધ વિસ્તારનાં કુલ ૭૫ થી વધુ તાજીયા ઝુલુસમાં જોડાયા હતાં. ઝાલોરાપા, માંડવી ચોક, ઢાલ રોડ, ચિતાખાના ચોકમાં તાજીયા એક હરોળમાં આવ્યા ત્યારે અલૌકીક દ્રશ્યો સર્જાયા હતાં. ઝુલુસ દરમ્યાન હિન્દુ મુસ્લીમ આગેવાનો સર્વશ્રી પીરજાદા મુન્નારબાપુ કાદરી, વસીમબાપુ કાદરી, રજાકભાઈ હાલા, અશરફભાઈ થઈમ, અદ્રેમાનભાઈ પંજા, બટુકભાઈ મકવાણા, અશ્વીનભાઈ મણીયાર, સોહીલ સીદીકી, વહાબભાઈ કુરેશી, એડવોકેટ જીસાન હાલેપોત્રા, સલીમભાઈ ગુજરાતી, મહેબુબભાઈ પંજા, લતીફબાપુ કાદરી, મુન્નાબાપુ દાતારવાળા, ડી.કે. વાઘેલા, રેહાન બાબી વગેરેએ તંત્ર સાથે સંકલન જાળવી ઝુલુસનાં સુચારૂ સંચાલન માટે સતત ખડેપગે રહયા હતાં. ઝુલુસ દરમ્યાન જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી ધાંધલીયા, એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજ તેમજ એ, બી, સી ડીવીઝનાં પીએસઆઈ સહીતનો પોલીસ સ્ટાફ, ગર્વ ટીમ, ટ્રાફીક પોલીસ સહીત પોલીસ તંત્રએ સતત ખડેપગે રહી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી હતી. વહેલી સવારે વંથલી દરવાજા સ્થિત કરબલા ખાતે તાજીયાનું ઝુલુસ વિશ્વ શાંતિ, કોમી એકતા અને ભાઈચારાનાં સંદેશા સાથે શાંતિથી સંપન્ન થયું હતું. જૂનાગઢ શહેર ઉપરાંત વંથલી, માણાવદર, માંગરોળ, કેશોદ, ભેંસાણ, વિસાવદર, બિલખા સહીતનાં નાના મોટા ગામો શહેરોમાં તાજીયાનાં ઝુલુસ શાંતિથી સંપન્ન થયા હતાં.

## રાજયની જીએમઈઆરએસ કોલેજોની ફી ઘટાડવા બેઠકો વધારવા રજુઆત





જૂનાગઢ તા. ૧૮

ગુજરાત સરકાર દ્વારા સંચાલીત જીએમઈઆરએસ મેડીકલ કોલેજોમાં તોતીંગ ફી વધારો ઝીંકવામાં આવ્યો હતો. પરંતુ વિદ્યાર્થી સંગઠનો, એબીવીપી, એનએસયુઆઈ, તેમજ વાલીઓ દ્વારા પ્રચંડ વિરોધ થતાં ગુજરાત સરકારને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. અને મેડીકલ કોલેજોમાં જે ફી વધારો કરવામાં આવ્યો હતો. તેમાં ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ આ ડીસ્કાઉન્ટમાં પણ છેતરામણી સ્કીમ હોવાનું મનાઈ રહયું છે. કારણ કે ડીસ્કાઉન્ટ ગમે ત્યારે પાછુ ખેંચાય શકે છે તેવું વિદ્યાર્થીઓનું માનવું છે. તેમજ જીએમઈઆરએસ કોલેજોની જે બેઠકો ઓલઈન્ડીયા કવોટામાં આપવામાં આવે છે તેનાથી વિદ્યાર્થીઓને પણ ઘણુ નુકશાન થાય છે.

ત્યારે વિદ્યાર્થીઓએ એવી રજુઆત કરી છે કે તાત્કાલીક ધોરણે (૧) જીએમઈઆરએસ કોલેજની ફી વધારો પરત ખેંચવામાં આવે (૨) ગુજરાત રાજયને ભાવનગર બાદ એકપણ સરકારી કોલેજ ના મળેલ હોવાથી જીએમઈઆરએસ કોલેજોને સરકારી કોલેજ જાહેર કરવામાં આવે (૩) ગુજરાત કવોટામાંથી જે ૨૧૮ સીટ ઓલઈન્ડીયા કવોટામાં કન્વર્ટ કરી તે પરત ગુજરાત કવોટામાં સામેલ કરવામાં આવે (૪) જીએમઈઆરએસ કોલેજો સરકાર દ્વારા સંચાલીત છે ત્યારે ૬ સરકારી કોલેજ મુજબ જ ફી ધોરણ રાખવું જોઈએ (૫) જીએમઈઆરએસ કોલેજોની ૮૫ ટકા સીટો ગુજરાતનાં વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે (૬) જીએમઈઆરએસ કોલેજો જયારે સરકાર દ્વારા સંચાલીત છે ત્યારે એમકયુ અને એનઆરઆઈ કોટા નાબુદ કરવામાં આવે તેમ ગુજરાત વાલી તથા વિદ્યાર્થી મંડળ વતી રજુઆત કરતા મેડીકલનાં વિદ્યાર્થીઓ દ્વારા જણાવવામાં આવેલ છે.

## ૨૧ જુલાઈના રોજ ઉપલા દાતાર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાશે




જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેર નજીક આવેલ ઉપલા દાતાર પર્વત સ્થિત જમીયલશા દાતારની ધાર્મિક જગ્યામાં આગામી તા.૨૧ જુલાઈને રવિવારના રોજ ગુરૂપૂર્ણિમા ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. જગ્યાના વર્તમાન મહંત ભીમબાપુ દ્વારા અનેરુ આયોજન કરાયું છે. ગુરૂપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે સવારે ૧૦ વાગ્યે ઉપલા દાતાર જગ્યાના બ્રહ્મલીન મહંતો શ્રી પટેલબાપુ અને વિઠ્ઠલબાપુની સમાધીનું પૂજન કરવામાં આવશે. ત્યારબાદ દાતાર સેવકો ભીમબાપુનું પણ પૂજન કરશે. બપોરે મહાપ્રસાદ અને રાત્રીના ભવ્ય સંતવાણીના કાર્યક્રમોમાં કલાકારો ભજનની રમઝટ બોલાવશે.

આ પ્રસંગમાં દાતાર ભક્તોને પધારવા જગ્યાના મહંત ભીમબાપુ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. જમીયલશા દાતાર (ઉપલા દાતાર)ની જગ્યામાં તમામ હિન્દુ-મુસ્લીમ લોકો શ્રધ્ધા ધરાવે છે. અને વિવિધ પ્રસંગો-તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

## જૂનાગઢ : મોટી શાક માર્કેટ નજીક કાર ચાલકે બાઈકને હડફેટે લઈ નુકશાન કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરના માંડવી ચોક વિસ્તારમાં કાર ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈકને નુકશાન કર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો એ ડીવીઝન પોલીસ મથકે અલીઅસગરભાઈ નુરૂદીનભાઈ વખારીયાએ ફરીયાદમાં આરોપી તરીકે કાર નં.જીજે-૧૧-સીએલ-૫૮૮૮ના ચાલકનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, આરોપીએ પોતાની કાર પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના ડ્રીમ યુગા બાઈક નં.જીજે-૧૧-બીએફ-૦૦૫૩ને હડફેટે લઈ નુકશાન કર્યાની અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અકસ્માત સીસીટીવીમાં કેદ થતા ટ્રાફીક પોલીસે ગણતરીની કલાકોમાં જ કાર ચાલક સાદ અલ્તાફભાઈની અટકાયત કરી એ ડીવીઝન પોલીસને સોંપેલ હોવાનું જાણવા મળી રહયું છે.

## જૂનાગઢમાં અન્ય યુવતી સાથેનાં પ્રેમ સંબંધને લઈ પતિએ પત્નીને મારમાર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના ગિરનાર દરવાજા વિસ્તારમાં રહેતા યુવકે અન્ય યુવતિ સાથેના પ્રેમ સંબંધને લઈ પોતાની પત્નીને મારમાર્યાની ફરીયાદ મહીલા પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ મહિલા પોલીસ મથકે મનીષાબેન કમલેશભાઈ ચાવડાએ ફરીયાદમાં આરોપી તરીકે પોતાના પતી કમલેશભાઈનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, ફરીયાદીના પતીને અન્ય યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જેના લીધે ફરીયાદીના પતિએ ફરીયાદી સાથે બોલાચાલી કરી સાવરણી અને લાકડી વડે મારમારી માનસીક દુઃખત્રાસ આપ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બંટીયા ગામની સીમમાં ઝેરી દવા પી લેતા યુવતીનું સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

વંથલી તાલુકાના બંટીયા ગામે પરપ્રાંતીય યુવતીએ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મુળ દાહોદ અને હાલ વંથલીના બંટીયા ગામની સીમમાં રહેતી કૈલાશ સોવનભાઈ ભુરીયા(ઉ.વ.૨૦)વાળીને તેમના ગામના અનીલ નારૂભાઈ ભુરીયા સાથે પ્રેમ સંબંધ હોય પરંતુ બંનેની અટક એક જ હોવાથી તેઓની જ્ઞાતીમાં આ લગ્ન શકય ન હોવાથી કૈલાશે ટેન્શનમાં આવી ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના પીતા સોવનભાઈએ વંથલી પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ અને માંગરોળમાંથી ૯ શખ્સો જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના ઓઘડનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે ઓઘડનગરમાં દેવીપુજક શેરીના નાકેથી જાહેરમાં જુગાર રમતા દિપુ ગોપાલભાઈ કુશવાહા, રીશાલ પરશુરામ કુશવાહા, બડેલાલ સદામીભાઈ કુશવાહા, મોનુ લાલસીંગ કુશવાહા, રામકેશ બલ્લુભાઈ કુશવાહા, વિક્રમ પરશુરામ કુશવાહાને રૂા.૧૪૧૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ સ્ટેશને જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત માંગરોળ પોલીસે શાપુર રોડ પર આવેલ ખુટીયા હાઉસની બાજુમાંથી ત્રણ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૦૦૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માંગરોળ પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.


પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.




ડૉ. દિપેન જે. સુબા
[M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED],
Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત
Disable to Able...
॥ આદિત્ય ॥ કલીનીક
ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525



દરેક સ્કુલ યુનિફોર્મના
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો
